


Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue:72 Dt.04-01-2022 (Tuesday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ગુજરાતની શાળાઓમાં ઓનલાઈન શિક્ષણની વાલીઓની માંગ

## વધુને વધુ શાળાઓ ઝડપથી ફરી ઓનલાઈન થઈ અથવા થવાની તૈયારીમાંઃ ઉપલેટાની ખાનગી સ્કૂલના એક સાથે ૧૩ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત



### રાજ્યભરમાં વાલીઓ અને ખૂદ શાળા સંચાલકો દ્વારા ઓનલાઈન વર્ગ બંધ કરવાની બુલંદ માંગણી

### રાજકોટ–મોરબીમાં વધુ એક વિદ્યાર્થીને કોરોના, જામનગરમાં ઓમિક્રોનનાં વધુ ૨ કેસ નોંધાયાઃ સુરતમાં પણ એક પછી એક શાળાઓમાં હાહાકાર મચાવતો કોરોના, વધુ ૨૮ વિદ્યાર્થી સંક્રમિત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪

સૌરાષ્ટ્ર અને ગુજરાતની શાળાઓમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોનાએ ફૂંફાળો મારી વધુ ગંભીરરૂપ લેતા રાજ્યભરનાં વાલી વર્ગમાં જબરી ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે અને તાત્કાલિક ઓફલાઈન વર્ગો બંધ કરી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવા ખૂણે-ખૂણેથી માંગણી ઉઠી રહી છે. ઉપલેટામાં એક ખાનગી શાળામાં સાગમટે ૧૩ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા છે. સુરતમાં વધુ ૨૮ વિદ્યાર્થીઓને કોરોનાનો ચેપ લાગ્યો છે. રાજકોટ-મોરબીમાં વધુ એક-એક વિદ્યાર્થી સંક્રમિત થતા વાલી વર્ગ અને ખૂદ શાળા સંચાલકમાં ખળભળાટ મચી ગયો છે. આથી ગુજરાતભરમાં ઓનલાઈન શિક્ષણ પ્રક્રિયા ચાલુ રાખવા અને વર્ગ ખંડો બંધ કરવા વાલીઓમાં જોરદાર માંગણી ઉઠી છે. રાજ્યમાં સંખ્યાબંધ શાળાઓ જાતે વર્ગ બંધ કરી રહી છે અને ઓનલાઈન શિક્ષણ તરફ પરત ફરી રહી છે. અમદાવાદમાં પશ્ચિમ વિસ્તારની સંખ્યાબંધ શાળાઓએ ઓનલાઈન શિક્ષણ શરૂ કર્યું છે અને ઓફલાઈન શિક્ષણ બંધ કર્યું છે.

રાજ્યભરની શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થતા જે ઝડપે કોરોના સંક્રમણ વધી ગયું છે. તેના પગલે વાલીઓ ડરી ગયા છે. અમૂક શાળાઓમાં તો ત્રણ આંકડામાં કેસ આવ્યા હોવા છતાં ઓફલાઈન શિક્ષણ ચાલુ રહ્યું છે જેના કારણે વાલીઓમાં કચવાટ પ્રસરી ગયો છે. સુરતમાં તો એક કે બે કેસ વાળી શાળાઓમાં પણ વર્ગ ખંડો બંધ કરી દેવામાં આવ્યા છે. કુલ ૬ શાળાઓ બંધ થઇ ગઈ છે અને ૮ શાળાઓમાં કેટલાક વર્ગ બંધ કરવામાં આવ્યા છે.

જામજોધપુરથી ઉપલેટા બસમાં અપ-ડાઉન કરતા મધર્સ પ્રાઈડ સ્કૂલનાં એક સાથે ૧૩ વિદ્યાર્થીઓને કોરોના સંક્રમણ થયું છે. પરિણામે ખળભળાટ મચી ગયો છે. રાજકોટમાં ધો-૧૦ ની એક વિદ્યાર્થીની કોરોના સંક્રમિત થઇ છે. મોરબીમાં એક વિદ્યાર્થી કોરોનાની ઝપેટમાં આવી ગયો છે.

સુરતમાં સોમવારે નોંધાયેલા ૨૧૩ કોરોના કેસોમાંથી ૨૮ વિદ્યાર્થી હોવાનું નોંધાયું છે. જેના કારણે આવી શાળાઓમાં ફટાફટ ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદમાં પશ્ચિમ વિસ્તારની કેટલીક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ધો-૧ થી ૫ નાં વર્ગો ફરી ઓનલાઈન કરાયા છે. ધો-૧૦ થી ૧૨ નાં વર્ગો પણ ઓનલાઈન કરવાની તૈયારી થઇ રહી છે. અમદાવાદમાં છેલ્લા બે સપ્તાહમાં ૪૫ વિદ્યાર્થીઓને કોરોના સંક્રમણ થયું છે. રાજ્યભરમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ

(અનુ.પાના નં.૪ ઉપર)

### ભડકાઉ ભાષણો સામે રોષ દર્શાવતા ઉપરાષ્ટ્રપતિ

# દરેક વ્યકિતને મરજી મુજબનો ધર્મ અનુસરવાનો અધિકારઃ વૈંકૈયા નાયડુ



### તિરસ્કારથી ભર્યા ભાષણો અને લખાણ દેશની સંસ્કૃતિ, પરંપરા અને વારસાની વિરૂધ્ધ : તમે કોઈપણ ધર્મને અનુસરો પણ અન્યનો તિરસ્કાર ન કરો, ભારતીય મુલ્યોનું જતન કરો

**(એજન્સી સમાચાર)**
થીરુનંતપુરમ, તા.૪

ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુએ તિરસ્કાર ભર્યા ભડકાઉ ભાષણોને દેશની સંસ્કૃતિ અને પરંપરાની વિરૂધ્ધ ગણાવતા આવા ભાષણો પ્રતિ સખ્ત અણગમો વ્યકત કર્યો હતો. ઉપરાષ્ટ્રપતિએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, ભડકાઉ દ્વેશ યુક્ત ભાષણો દેશની સંસ્કૃતિ, પરંપરા, વારસો, બંધારણીય અધિકારીઓ અને મુલ્યોની વિરુધ્ધ છે. દરેક વ્યક્તિને તેના ધર્મ કે આસ્થાનું અનુસરણ કરવાનો અને તેનો ઉપદેશ આપવાનો અધિકાર છે.

ઉપરાષ્ટ્રપતિએ સ્પષ્ટ સલાહ આપી હતી કે, તમે તમારા ધર્મને અનુસરો પણ અન્યો વિરૂધ્ધ તિરસ્કાર અને દ્વેશની ભાષા ન વાપરો અને એવા લખાણોથી દૂર રહો. અન્ય ધર્મો પ્રતિ નિંદાત્મક વલણ રાખવાથી સામાજીક કુસંપનું સર્જન થાય છે. કેરાલાનાં કોટાયમ ખાતે એક વિખ્યાત સંત કુર્યાકોશ ઉર્ફે ચવેરાની ૧૫૦ મી પુણ્યતિથીનાં સમારંભમાં બોલતા વૈંકૈયા નાયડુએ નિંદાત્મક ભાષણો અને લખાણો પ્રતિ સખ્ત અસંમતિ વ્યક્ત કરી હતી.

ઉપરાષ્ટ્રપતિએ સંતનાં ઉપદેશને યાદ કરતા જણાવ્યું હતું કે, ૧૯ મી સદીમાં થઇ ગયેલા કેથોલીક પાદરી સંત પૂર્યાકોશે શાંતિમય માનવીય સંબંધો એકદમ પવિત્ર હોવાની અને

(અનુ.પાના નં.૪ ઉપર)

# કાશ્મીરમાં આતંકી લશ્કર સંગઠનને મોટો ફટકો

### ખૂંખાર ત્રાસવાદી સલીમ પૈરી ઠાર મરાયોઃ બે પોલીસ કર્મચારીઓની હત્યામાં સંડોવાયેલો હતો



**(એજન્સી સમાચાર)**
શ્રીનગર, તા.૪

જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી સંગઠન લશ્કરને મોટો ફટકો પડ્યો છે. સંગઠનનાં સૌથી ખૂંખાર આતંકી અને વોન્ટેડ કમાન્ડર સલીમ પૈરીને સુરક્ષા દળોએ ઠાર માર્યો હતો. બાંદીપુરામાં બે પોલીસ કર્મીની હત્યામાં સંડોવાયેલા વિદેશી ત્રાસવાદીને પણ ઠાર મારી દેવાયો છે.

તેનું નામ હાફીઝ ઉર્ફે હમઝા હોવાનું સુરક્ષા સુત્રોએ જણાવ્યું હતું. ગઈકાલે સુરક્ષા દળો સાથે શાલીમાર ગાર્ડનમાં થયેલી અથડામણમાં લશ્કરનાં કમાન્ડર સલીમ પૈરીને ઠાર મારવામાં આવ્યો હતો. તેની સાથેનો વિદેશી ત્રાસવાદી હમઝા પણ માર્યો ગયો હતો.

જમ્મુ અને કાશ્મીરનાં આઈજીપી એ જણાવ્યું હતું કે, હમઝા એ થોડા દિવસ પહેલા બે પોલીસ કર્મીઓની હત્યા કરી હતી અને બાદમાં બાંદીપુરા છોડીને શ્રીનગરમાં છુપાઈ ગયો હતો. છેલ્લા બે દિવસ દરમ્યાન ૬ ત્રાસવાદીઓ માર્યા ગયા છે અને એક જવાન શહીદ થયો છે. ગઈકાલની કાર્યવાહીથી પાક પ્રેરિત સંગઠનને સૌથી મોટો ફટકો પડ્યો છે.(૨.૧૨)

# ભારત પર વિશ્વનાં આતંકી જૂથોની કુડી નજર, કેન્દ્ર સાવધ

### ત્રાસવાદનાં સજ્જડ મુકાબલા માટે કેન્દ્રીય એજન્સીઓને સંકલન સાધવા તાકીદઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉચ્ચકક્ષાની બેઠક યોજી, સ્થિતિની સઘન સમીક્ષાઃ કેન્દ્ર અને રાજયોનાં ઉચ્ચકક્ષાના પોલીસ અને ગુપ્તચર અધિકારીઓની હાજરી

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૪

માત્ર આંતરિક રીતે સક્રિય ત્રાસવાદીઓ નહીં પરંતુ વિશ્વના ત્રાસવાદી જૂથો તરફથી પણ ભારતની સુરક્ષા પર સર્જાયેલા ખતરા અંગે ઉચ્ચ સ્તરની બેઠકમાં દેશની સુરક્ષા માટે ઊંડું મનોમંથન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચકક્ષાની બેઠકમાં ગૃહમંત્રીએ દેશની સુરક્ષા પર સતત ઝળુંબતા ત્રાસવાદનાં ખતરા અંગે ચર્ચા કરી હતી અને દેશની અંદરનાં અને બહારનાં ત્રાસવાદી જૂથોને ભરી પીવા માટે વધુ સારું અને સજ્જડ સંકલન સાધવા કેન્દ્ર અને રાજ્યની સુરક્ષા એજન્સીઓ તથા ગુપ્તચર પાંખને સ્પષ્ટ તાકીદ કરી હતી.

ઉચ્ચકક્ષાની સુરક્ષા બેઠક માટે ટોચનાં કેન્દ્રીય અને રાજ્ય દળોનાં અધિકારીઓ તથા ગુપ્તચર સંસ્થાનાં વડાઓ હાજર રહ્યા હતા. અનેક રાજયોનાં અધિકારીઓ વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા.

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આંતરિક અને વિશ્વનાં ત્રાસવાદી જૂથો તરફથી દેશ સામે ખતરો યથાવત રહ્યો છે. ઉપરાંત ડ્રગ માફીયા અને આતંકવાદીઓની ધરી, સંગઠિત ગુનાખોર ટોળકીઓ અને ત્રાસવાદ વચ્ચેની નાપાક ધરી, સાઈબર ક્રાઈમ, આતંકવાદીઓને ફંડ તેમજ વિદેશી ત્રાસવાદીઓની હેરફેર જેવા ખતરા યથાવત છે. અમિત શાહે સતત સર્જાતા રહેતા સુરક્ષાનાં પડકારો અને પરિવર્તનને ધ્યાનમાં લઇ કેન્દ્ર તથા રાજ્યની સુરક્ષા એજન્સીઓ વચ્ચે વધુ સારા સંકલન અને આયોજન પર ભાર મુક્યો હતો.

પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદ ફરીથી બેઠો કરવાના પ્રયાસો થઇ રહ્યા છે અને સુરક્ષા દળોએ એ દિશામાં લાલબતી ધરી છે. ત્યારે આ બેઠકનું મહત્વ વધી જાય છે. ગૃહખાતાનાં સુત્રોએ જણાવ્યું હતું કે, ઈન્ટેલીજન્સ બ્યુરોના વડામથકે આવી સુરક્ષા બેઠકો અવારનવાર થતી હોય છે, પણ ગૃહમંત્રી જાતે હાજરી આપે એવું ભાગ્યે જ બનતું હોય છે. એટલે આ બેઠક ખૂબ જ મહત્વની માનવામાં આવે છે.

ગૃહમંત્રી અમિત શાહ ગુપ્તચર માહિતીની આપ-લેના સમગ્ર માળખા અને સિસ્ટમ પર બારીક નજર રાખવા માંગે છે. ગુપ્તચર માહિતીની બરાબર આપ-લે થાય એ જરૂરી છે. સુત્રોએ જણાવ્યું હતું કે, ગૃહમંત્રી આંતરિક સુરક્ષાને લગતી ઘટનાઓ પર ઝીણવટ ભરી નજર રાખી રહ્યા છે.(૨.૧૨)



આંતરિક અને વિશ્વના ત્રાસવાદી જૂથો, ડ્રગ માફીયા અને આતંકવાદની ધરીઃઆતંકવાદીઓને ભંડોળ સહિતનાં સુરક્ષા વિશેયક મુદ્દાઓ પર મનોમંથન

# ૧ દિવસમાં ૧૦ લાખ કેસ



# અમેરિકામાં કોરોનાનો મહાવિસ્ફોટ

### અત્યાર સુધીમાં ૫.૫ કરોડ કેસઃ ૮૨૬૦૦૦ લોકોના મોત

**(એજન્સી સમાચાર)**
વોશિંગ્ટન, તા. ૪

અમેરિકામાં સોમવારે ૧૦ લાખથી વધુ કોરોનાના કેસ સામે આવ્યા છે. યુએસએ ટુડેના રીપોર્ટ અનુસાર અમેરિકી સ્વાસ્થ્ય અધિકારીઓએ કોરોના વાયરસની કોઈપણ પાછલી લહેરની તુલનામાં ૩ ગણાથી વધુ નવા કેસ નોંધાયા છે. રીપોર્ટ અનુસાર એકલા સોમવારે જ ૧૦ લાખથી વધુ કેસ નોંધાયા છે.

જોન્સ હોપકિન્સ યુનિ.ના આંકડાએ પહેલા દિવસની તુલનામાં લગભગ ૧૦૪૨૦૦૦ વધુ કેસ બતાવ્યા છે. આ પહેલા ગુરૂવારે ૫૯૧૦૦૦ સામે આવ્યા છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૫.૫ કરોડ કોરોનાના કેસ સામે આવ્યા છે અને અત્યાર સુધીમાં ૮૨૬૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. યુએસએ ટુડેના રીપોર્ટ અનુસાર આજે રાષ્ટ્રપતિ બાયડેન અને ઉંપરાષ્ટ્રપતિ કમલા હેરીસે વ્હાઈટ હાઉસમાં કોરોના વાયરસ પ્રતિક્રિયા ટીમ સાથે બેઠક યોજી છે કે જેથી કાર્યવાહી પર ચર્ચા થઈ શકે.

જોન્સ હોપકિન્સ યુનિ.ના આંકડા અનુસાર પાછલા સપ્તાહમાં દર ૧૦૦ અમેરિકનોમાથી લગભગ ૧ કોરોના પોઝીટીવ જણાયો હતો.(૯)

## દેશમાં ૨૪ કલાકમાં ૩૭૩૭૯ કેસઃ ૧૨૪ મોત

# કોરોના સારવાર માટે દવાની ગોળી બજારમાં, ખર્ચ ૧૩૯૯

### કોરોનાની સારવારમાં દવા ખૂબ જ અસરકારક બની પરિવર્તન લાવશેઃ ઉત્પાદકોને આશા

**(એજન્સી સમાચાર)**
મુંબઈ, તા.૪

મુંબઈમાં કોરોના મહારોગની સારવાર કરતી દવાનો ગોળીઓ આખરે બજારમાં આવી ગઈ છે. હળવાથી મધ્યમ લક્ષણ હોય એવા કિસ્સામાં આ ગોળી ખૂબ જ અસરકારક રહેવાની આશા ઉત્પાદકોએ વ્યક્ત કરી છે. મોલનુપીરાવીર નામની એન્ટી વાયરલ દવાની ગોળીના પાંચ દિવસનાં કોર્ષનો ખર્ચો રૂ.૧૩૯૯ જેટલો થાય છે.

કોરોના મહામારીનો મુકાબલો કરતી આ વિશ્વની સૌથી સસ્તી દવાની શોધ થઇ છે. જે કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ખુશખબર સમાન છે.

દેશની જાણીતી દવા કંપનીઓ સનફાર્મા, હેટ્રો, નાટકો, ડો.રેડડી વગેરે દવાનું ઉત્પાદન મોટાપાયે કરી રહ્યા છે. આ ગોળીની શોધ મર્ક એન્ડ રીજબેક દવા કંપનીએ કરી છે.



અત્યાર સુધીમાં કોરોનાની સારવાર ઈન્જેકશનથી જ થતી હતી. પહેલીવખત મોઢેથી લેવાની દવાની શોધ થઇ છે. આવી જ બીજી દવા મોલુલાઈફ મેનકાઈન્ડફાર્મા તથા બીડીઆર કંપનીએ સંયુકત રીતે દિલ્હીની બજારોમાં મૂકી છે.

### ૫ દિવસનો કોર્ષ, ડઝન જેટલી કંપનીઓ દ્વારા મોલનુપીરાવીર ગોળીનું ઉત્પાદન

સનફાર્માએ પુરા કોર્ષની કિંમત રૂ. ૧૫૦૦ રાખી છે. આ દવા પાંચ દિવસ સુધી દિવસમાં બે વાર લેવાની હોય છે. ૮૦૦ મિલી.ગ્રામ ની ગોળી દિવસમાં બે વખત લેવાની હોય છે. દેશના ડ્રગ્સ કંટ્રોલર વિભાગ દ્વારા વયસ્ક દર્દીઓ માટે ગોળીનો સારવાર તરીકે ઉપયોગ કરવાની મંજૂરી આપી દેવાઈ છે.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# કેજરીવાલને કોરોના, દિલ્હીમાં અનેક તબીબો સંક્રમિત

### દિલ્હીનાં મુખ્યમંત્રી સારવાર લેવા હોમ કવોરન્ટાઈન થયાઃ રાજધાનીમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૪૦૯૯ કેસ, એકનું મોત

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૪

છેલ્લા કેટલાક સમયથી યુ.પી, પંજાબ અને ઉતરાખંડમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહેલા દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કોરોના સંક્રમિત થયા છે અને સારવાર માટે હોમ કવોરન્ટાઇન થઇ ગયા છે.

મુખ્યમંત્રીએ ટવીટ કર્યું હતું કે, મારો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે પણ લક્ષણો ઘણા હળવા છે. મારા સંપર્કમાં આવેલા બધાને ટેસ્ટીંગ કરાવી લેવા મારી વિનંતી છે.

દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન કોરોનાનાં નવા ૪૦૯૯ કેસો નોંધાયા છે અને એક દર્દીનું મોત થયાનું નોંધાયું છે. દિલ્હીમાં ૨૧ જેટલા તબીબો અને નર્સ કોરોના સંક્રમિત થયા છે. દિલ્હીમાં એક સપ્તાહથી યલો એલર્ટ લાગુ છે. સિનેમા, જીમ, શોપિંગ મોલ હાલ બંધ છે. દુકાનો પણ ઓડઇવન ધોરણે ખોલવામાં આવી રહી છે.



દિલ્હીમાં કુલ ૬૨૮૮ કોરોના દર્દીઓ હોમ કવોરન્ટાઇન થયા છે.(૨.૧૨)

# તેલંગણામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં એક સપ્તાહની રજા

### મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવનો આદેશઃ કોરોના સંક્રમણ વધતા અગમચેતીનાં પગલા

**(એજન્સી સમાચાર)**
હૈદરાબાદ, તા.૪

તેલંગણામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આવતી તા.૮ થી ૧૬ જાન્યુઆરી સુધી એક સપ્તાહની રજા જાહેર કરવામાં આવી છે. મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવે કોરોના પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ તમામ સરકારી હોસ્પિટલમાં બેડ, ઓકિસજન, દવાઓ, ટેસ્ટીંગ કીટ અને અન્ય મેડિકલ સાધનોની પુરતી વ્યવસ્થા ગોઠવવા અધિકારીઓને આદેશ આપ્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઓમિક્રોનનાં વધતા કેસોથી લોકો ભયભીત ન બને પણ સાવધ અને સતર્ક રહે. કોવિડ નિયમોનું પાલન કરતા રહે. તેમણે લોકડાઉનની શક્યતા નકારી કાઢી હતી.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




**આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો**

**SUBSCRIBE**
TO OUR CHANNEL
**SAURASHTRA KRANTI**

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

# WhatsApp કરો

## તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

## તંત્રી સ્થાનેથી...

# શીતકાળના કાતિલ સૂસવાટા

મધ્યાકાશમાં મૃગશીર્ષ નક્ષત્ર દેખાય છે. શિયાળાની રાત્રિ આમ તો આકાશ દર્શન માટે શ્રેષ્ઠ હોય છે. પરંતુ મનુષ્ય માથું ઊંચું કરવાનું ભૂલી ગયો છે. કેટલાક લોકો તો જિંદગીમાં જ એટલા ઝૂકીને ચાલે છે કે એમને યાદ જ નથી કે માથું ઊંચું રાખીને જીવવાની મઝા શું છે. આકાશ અત્યારે તારલિયાના સૌન્દર્યથી ઝળહળે છે. અત્યારે ચડતી કળાનો ચન્દ્ર છે અને હવે પૂનમ પસાર થઈ જતાં ચન્દ્ર સાથે હેમંત ઋતુ પણ ઢળતા ઢાળે છે. પાનખરને આવવાને હજુ વાર છે તો પણ પોષ મહિનાની કાતિલ ઠંડીનાં સૂસવાટા હોય એવા પવનોએ ઉત્તર ભારતને ઘેરી લીધું છે. એની અસર ભારતમાતાની બંને ભુજાઓ એટલે કે દૂર પૂર્વ ભારત અને અહીં પશ્ચિમ ભારત સુધી પણ પડી છે. શિયાળાની રાત્રિઓ એકાએક જમાવટ કરી રહી છે. એક તો ઠંડીને કારણે સન્નાટો અને એમાં શહેરોમાં રાતની સંચારબંધી. રાતના નવ વાગ્યા પછી તો ચોતરફ મધ્યરાત્રિ જેવો માહોલ છવાઇ જાય છે. ભારતમાં આ વખતે સૌથી વધુ જ્યાં ઠંડી પડી રહી છે તે ઉત્તરાખંડ, રાજસ્થાનમાં તો શીતલહેરનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. પાટનગર નવી દિલ્હીમાં તો દરરોજ ઉષ્ણતામાન બે ત્રણ ડિગ્રી ગોથું લગાવે છે. કાશ્મીરથી શરૂ કરીને ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષા શરૂ થઈ ગઈ છે. પહાડો પર ઝરમર બરફનો વરસાદ શરૂ છે એને કારણે તળેટીના વિસ્તારોમાં કાતિલ ઠંડી છે. ઉત્તર ભારતના તમામ શહેરોમાં આ વર્ષે ઠંડી વિક્રમ જનક આંકડા સુધી પહોંચવાની છે. જ્યાં કદી પણ ઉષ્ણતામાન માઇનસમાં ગયું નથી ત્યાં આ વર્ષે જશે. રાજસ્થાનમાં આબુમાં ગુજરાતી પ્રવાસીઓ ધારે ત્યારે પાછા ફરી શકતા નથી. સરોવરો થીજી ગયા છે. કારણ કે હમણાં તો અહીં ઉષ્ણતામાન શૂન્યથીય નીચે રહે છે. સમગ્ર અર્બુદા પર્વતને ધુમ્મસનો જબરજસ્ત ઘેરાવો છે. તળાવની સપાટી પર બરફના થર જામી ગયા છે.

આ વર્ષે તો મધ્યપ્રદેશમાં પણ ઠંડીએ વહેલો સપાટો બોલાવ્યો છે. સરોવરની નગરી ભોપાલમાં તો ચારે બાજુ મેઘરવો છવાઈ જાય છે. રાજ્યના દરેક શહેરોમાં સૂર્ય બહુ ઊંચે ન આવે ત્યાં સુધી ટ્રાફિક ધીમા ઝરણા જેવો થઈ જાય છે.

## જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપત બોદર પોતાના ખર્ચે

# ૧૦૦% વેક્સિનમાં પ્રથમ ત્રણ સરકારી સ્કૂલને સ્માર્ટ ટીવી આપશે

### રાજકોટ જિલ્લામાં ૧૦૦ થી વધારે સરકારી સ્કુલ છે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૪


સમગ્ર દેશમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના તરૂણ બાળકોને કોરોના સામે રક્ષણ આપતી રસી વિનામૂલ્યે આપવાના અભિયાનનો શુભારંભ થયો છે. ત્યારે આ નિશુલ્ક વેક્સિનેશન અભિયાનને પ્રોત્સાહન મળે તેવા શુભ આશ્રયથી જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર એ રાજકોટ જિલ્લાના તમામ ગામો માટે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, રાજકોટ જીલ્લાના ગામોમાં ૧૦૦ થી વધારે સંખ્યા ધરાવતી સરકારી સ્કૂલોમાં સો ટકા વેક્સિનમાં જે પ્રથમ ત્રણ સ્કૂલ આવશે તે ત્રણ સ્કૂલ ને ભુપતભાઈ બોદર તરફથી સ્વખર્ચે સ્માર્ટ ટીવી આપવામાં આવશે.

વધુમાં ભુપતભાઈ બોદર એ જણાવેલ કે વયસ્કો અને તરુણો વેક્સિનેશન પ્રત્યે જાગૃતતા દાખવી કોરોના સામે રક્ષણ આપતી રસીના બન્ને ડોઝ લે અને અન્યોને પણ રસી લેવા માટે પ્રેરિત કરે તે માટે પ્રોત્સાહક પગલાના ભાગરૂપે રાજકોટ જિલ્લાના ગામોમાં સૌથી વધુ લોકો ને વેક્સિનેશન કરનાર પ્રથમ ત્રણ સ્કૂલોને સ્માર્ટ ટીવી આપવાથી બાળકોના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો થવાની સાથોસાથ ગ્રામજનોમાં રસીકરણ અંગે જાગૃતતા આવશે અને પોતે તથા પોતાના બાળકોને રસી અપાવશે. તેમ ભુપતભાઈ બોદર એ જણાવ્યું હતું.(૧.૧૫)

## વિખ્યાત સદગુરૂદેવ હરિચરણદાસજી મહારાજની તબિયત ગંભીર, તબીબોની ટીમ રાજકોટ અને ગોંડલથી ગોરા(કેવડીયા) આશ્રમ જવા રવાના

# રીંછ બચાવના અભિયાનમાં અમિતાભ બચ્ચન જોડાયા

### ડૉ. ધારૈયાએ રીંછનાં સંરક્ષણ અને જનજાગૃતિ અંગે છ મિનિટની એક ફિલ્મ તૈયાર કરી



**(એજન્સી સમાચાર)**

પાટણ,તા.૪

રીંછ એકથી બીજા જંગલમાં સરળતાથી આવ-જા કરી શકે એ માટે જંગલ વચ્ચે ઈકોલોજીકલ કોરિડોર હશે તો રીંછનો ખોરાક ગણાતી વનસ્પતિ અને જંગલનાં પશુ-પંખી, પ્રાણીઓનું રક્ષણ થઈ શકે. જો કે, ક્યારેક રીંછ અભ્યારણ્ય બહાર નીકળી જાય છે ત્યારે માનવી સાથે ઘર્ષણમાં આવે છે. તેમના પ્રોજેક્ટનું લક્ષ્યાંક આવા સંઘર્ષને ઘટાડીને રીંછને બચાવવાનું જ છે. તેમના આ લક્ષ્ય સાથે જ વન વિભાગે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે હાથ મિલાવ્યો છે. આ પ્રોજેક્ટથી યુનિવર્સિટી રીંછના આવાસ અંગે સ્થાનિકોમાં જાગૃતિ લાવવાનાં કાર્યક્રમો તૈયાર કરવામાં વન વિભાગને મદદરૂપ થશે. ગુજરાતના વનવિભાગે ૨૦૧૬માં કરેલી ગણતરીમાં બનાસકાંઠામાં ૧૨૦, દાહોદમાં ૧૦૭, છોટા ઉદેપુરમાં ૫૪, સાબરકાંઠામાં ૧૮, નર્મદામાં ૨૩, વડોદરા અને પંચમહાલમાં ૧૨ તેમજ મહેસાણામાં ૮ એમ સાત જિલ્લામાં ૩૪૨ રીંછ નોંધ્યા હતા. જેથી તેનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે જરૂરી બન્યું છે. ડૉ. ધારૈયાએ રીંછનાં સંરક્ષણ અને જનજાગૃતિ અંગે છ મિનિટની એક ફિલ્મ તૈયાર કરી છે, જેના માટે તેમને મહાનાયક અમિતાભ બચ્ચનને ઈ-મેઈલ કરીને એક સંદેશો મોકલી આપવા વિનંતી કરી હતી. આ વિનંતી ગ્રાહ્ય રાખીને મહાનાયકે ડો. નિશીથ ધારૈયાને તેમના ઘરે બોલાવી રીંછ વિશે માહિતી મેળવી હતી અને તેમને સંદેશાનો અંગ્રેજી અને હિંદી ભાષામાં એક મિનિટનો વીડિયો મોકલ્યો હતો. આમ રીંછ-સંરક્ષણનો ઉત્સાહભેર સંદેશો આપીને મહાનાયકે તેમનો પ્રાણીપ્રેમ વ્યકત કરવાની સાથે સામાજિક ઉત્તરદાયિત્વ પણ નિભાવ્યું હતું.

# જસદણમાં અવતાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહા રક્તદાન કેમ્પ યોજાયો



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ તા. ૪

અવતાર ચેરીટેબલ ટ્રસ્ટ જસદણ દ્વારા અવતાર ટ્રસ્ટની સેવાકીય પ્રવૃતિઓના આઠમાં વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે જસદણમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય સાત દીકરીઓ દ્વારા કરીને આ કેમ્પ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. રક્તદાન કેમ્પમાં ખુબ જ બહોળી સંખ્યામાં રકતદાન કરવા માટે લોકો ઉમટી પડ્યા હતા. વિક્રમજનક ૨૫૧ બોટલ જેટલું રકત એકત્ર થયું હતું.તમામ રકતદાતાઓને સ્મૃતિ ભેટ, પ્રમાણપત્ર અને ગિફ્ટ આપવામાં આવી હતી. આ તકે આ રકતદાન કેમ્પના તમામ દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અવતાર ચેરીટેબલ ટ્રસ્ટના તમામ સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# સુત્રાપાડા તાલુકાના કોંગી સરપંચો-સભ્યોનું સન્માન



### બાદલપરા ગામે કોંગ્રેસના અગ્રણીઓની ઉપસ્થિતિ વચ્ચે સન્માન સમારોહ યોજાયો

**(ભોળા જાદવ દ્વારા)**

લોઢવા તા.૪

તાલાળા મતવિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ દ્વારા સુત્રાપાડા તાલુકાના ગામો તાજેતરમાં કોંગ્રેસ પ્રેરિત સરપંચો તથા સભ્યોનો સત્કાર સમારંભ બાદલપરા મુકામે યોજાયો હતો.

કોવિડ ગાઈડલાઈન મુજબ માસ્ક, સેનેટાઈઝર સહિતના નિયમોના પાલન સાથે આ સમારંભમાં નવા ચૂંટાયેલા સરપંચોનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ભુવાટીંબી, નવાગામ, ધામળેજ તથા સિંગસર ગામના લોકો મોટી સંખ્યામાં કોંગ્રેસમાં જોડાયા, તેને પણ આવકારવામાં આવેલ હતા.

ધારાસભ્ય ભગવાનભાઈ એ જણાવેલ કે નવા ચૂંટાયેલા સરપંચોની હવે એક વિશિષ્ટ જવાબદારી આવેલ છે. તે જવાબદારી નિભાવવા માટે સંયમ રાખીને કામ કરવાની શીખ આપેલ તેમજ અધિકારીઓ પાસેથી પ્રેમથી કામગીરી કરાવવાની શીખ આપી હતી અને ચૂંટાયેલ સરપંચ ગામનો પ્રથમ નાગરિક કહેવાય તેથી તેને ગામમાં હવે કોઈ પક્ષપાત રાખ્યા વગર દરેક લોકોના કામ કરવાની શીખ આપી હતી.

આ પ્રસંગે અહી ઉપસ્થિત સરપંચો, સભ્યો તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોનું વીજુભાઈ બારડે સ્વાગત કરેલ હતું. આ પ્રસંગે ગીરસોમનાથ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનસુખભાઈ ગોહિલ સુત્રાપાડા તા.પંચા.ના પ્રમુખ કમળાબેન જાદવ, ઉપપ્રમુખના પ્રતિનિધિ રામભાઈ બાંભણીયા, સુત્રાપાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ , વેરાવળ તા.કોંગ્રેસ પ્રમુખ કરશનભાઈ, માજી જી.પંચાયત ઉપપ્રમુખ મેરૂભાઈ, કોળી સમાજ અગ્રણી મેરામણભાઈ વાંઝા, આહીર અગ્રણી રામસીભાઈ પંથાણીયા, જિલ્લા પંચા.સદસ્ય અરસીભાઈ ચાવડા, જાદવભાઈ ભોળા સહિત અગ્રણી તથા કાર્યકરો મોટી સંખ્યામાં આ પ્રસંગે હાજર રહ્યા હતા.

# મહિલા સ્વાવલંબન યોજના: રૂ.૨ લાખ સુધીની લોન

### રૂ.30 હજાર સુધીની સબસીડી મળશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૪

ગુજરાત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ - ગાંધીનગર દ્વારા મહિલાઓને પરંપરાગત કે બિન પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ માટે જરૂરિયાત મુજબની સહાય પૂરી પાડવા માટે મહિલા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવી છે.

જેમાં વ્યવસાય કરતા બહેનોને પોતાના વ્યવસાયના વિકાસ માટે જરૂરી સુવિધાઓ જેવી કે કાચો માલ, ફર્નિચર અને મશીનરી માટે જુદા જુદા ૩૦૭ પ્રકારના વ્યવસાયો માટે વધુમાં વધુ ૨ લાખની મર્યાદામાં લોન બેન્કો દ્વારા આપવામાં આવે છે. નિગમ દ્વારા પ્રોજેક્ટ કોર્ષના ૧૫ ટકા પ્રમાણે વધુમાં વધુ ૩૦ હજાર સુધીની સબસિડી પણ આપવામાં આવે છે.

જે બહેનોની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષની અંદર હોય, જેમની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂ ૧.૫૦ લાખ હોય અને જેઓ કોઈ પણ વ્યવસાયનો અનુભવ ધરાવતા હોય અથવા વ્યવસાય કરતા હોય એવી તમામ મહિલાઓને તેમની પસંદના વ્યવસાય માટે આ યોજનાનો લાભ મળી શકે છે.

જિલ્લા/શહેરમાં યોજનાનો લાભ મેળવવા માટે ઇચ્છુક બહેનોએ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી જિલ્લા, સેવા સદન, ત્રીજો માળ, બ્લોક નંબર એક, સરકારી પ્રેસની બાજુમાં લાભાર્થીએ જાતે અનુભવ તથા તાલીમની જરૂરી વિગતો સાથે ફોર્મ ભરી જમા કરાવવાનું રહેશે.

## રવિવારે રામનાથપરા મુક્તિધામમાં સમૂહ અસ્થી પૂજન

# ૧૩મીએ હરિદ્વાર મુકામે અસ્થી વિસર્જન અને પૂજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૪

મહાનગરપાલિકા નિર્મિત સરગમ કલબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં તા.૧/૭/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ સુધી રામનાથપરા મુક્તિધામમાં લાકડાવિભાગ અને ઇલેક્ટ્રિક વિભાગમાં જે પરિવારજનોનાં ઘરની વ્યક્તિ અવસાન થયેલ છે. તે તમામના આગામી તા.૯ને રવિવારના રોજ સવારના ૮ થી ૧૧ વાગ્યા સુધી રામનાથપરા મુક્તિધામ સમૂહ અસ્થી પૂજન રાખેલ છે. તમામ લોકોને આંગડીયા મારફત મુક્તિધામ તરફથી પત્ર મોકલી આપેલ છે. જે વ્યક્તિ નું અવસાન થયેલ છે.

તેમના પરિવારજનોએ અસ્થી પૂજન માટે સમયસર રવિવારના રોજ સમય લખ્યા મુજબ પૂજા માટેનો સામાન અગરબતી, ફૂલહાર ,કંકુ-ચોખા બધું સાથે લઈને પહોચવું પૂજા વિધિ માટે બ્રાહ્મણની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવેલ છે.

જે વ્યક્તિ પોતાની રીતે અસ્થી આપની રીતે આપ હરિદ્વાર મુકામે અથવા અન્ય બીજે ક્યાય પધરાવા માંગતા હોય તો તે વ્યકિતએ મુક્તિધામમાં બે દિવસ પહેલા મુક્તિધામમાં જાણ કરવી. જેથી તેના અસ્થી જુદા રાખવામાં સરળતા રહે. અને જે વ્યક્તિ જાણ ન કરી હોઈ તમામનાં અસ્થી તા.૧૩ નાં રોજ હરિદ્વાર મુકામે સવારના ૭ કલાકે અસ્થીઘાટ ઉપર સંસ્થાના હોદેદારો ત્યાં અસ્થી વિસર્જન અને પૂજન કરશે.

કોઈ પરિવારને વધારાની માહિતી માટે રામનાથપરા મુક્તિધામ ફોન નં. ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ / ૨૪૬૭૭૧૮ પર સંપર્ક કરવો તેમ સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે.(૧.૧૫)

# રાજકોટ જિલ્લા પંચાયત મંડળના હોદેદારોની વરણી



### પ્રમુખ પદે અશોક જોષી, મહામંત્રી કલ્પેશ ડોડીયા અને મુખ્ય કન્વીનર પદદે વિક્રમસિંહ ગોહીલની બિનહરીફ વરણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૪

જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયતના ૭૦૦ થી વધુ આરોગ્ય કર્મચારીઓના પ્રતિનિધિઓની બેઠક મળેલ હતી જેમાં જિલ્લા પંચાયત આરોગ્ય મંડળના અશોકભાઈ જોશી પ્રમુખ પદે, કલ્પેશભાઈ ડોડીયા મહામંત્રી પદે તેમજ વિક્રમસિંહ ગોહિલ મુખ્ય કન્વીનર પદેની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવેલ છે.

આ તકે હોદેદારોએ જિલ્લા પંચાયતના આરોગ્ય કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે યોગ્ય રજૂઆત કરી સુખદ ઉકેલ લાવવા બાંહેધરી આપેલ છે. મંડળના આગેવાનો ગોહેલભાઈ, મારૂભાઈ, માનસિંગભાઈ, કરણભાઈ, બારસિયાભાઈ, લખતરિયાભાઈ, નાગેશ્રીભાઈ, તેમજ અન્ય બહોળી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ હાજર રહેલા હતા.

અશોક જોષી(પ્રમુખ), આર.જે.હાલાણી(ઉપપ્રમુખ), કિરણબેન ઓઝા(ઉપપ્રમુખ), કલ્પેશ આર. ડોડીયા(મહામંત્રી), ચેતન પરમાર(સહમંત્રી), કિન્નરીબેન કુંડારીયા(સહમંત્રી), વિક્રમસિંહ ગોહેલ(મુખ્ય કન્વીનર), આર.સી.સાગઠીયા(પ્રભારી), કિરણભાઇ આટકોટીયા(ખજાનચી) અને વિનોદ બી.સોલંકી(ઓડીટર) તરીકે વરણી કરાઈ છે.

# રાજય દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૧ ફોર્મ ભરી શકાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૪

સરકાર દ્વારા શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ /સ્વરોજગાર કરતી શ્રેષ્ઠ દિવ્યાંગ વ્યકિતઓ, દિવ્યાંગોને નોકરીએ રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ અને દિવ્યાંગ વ્યકિતઓને થાળે પાડવાની કામગીરી કરતા પ્લેસમેન્ટ ઓફિસરોને રાજયકક્ષાના પારિતોષિક આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે દિવ્યાંગ પારિતોષિક મેળવવા ઇચ્છુક દિવ્યાંગ કર્મચારીઓ/ અધિકારીઓ, દિવ્યાંગ કર્મચારીઓને નોકરીમાં રાખનાર અધિકારીઓ/ નોકરીદાતાઓ, પ્લેસમેન્ટ ઓફિસરઓ અથવા સ્વરોજગાર કરતા દિવ્યાંગ વ્યકિતઓએ નિયત નમુનામાં ફોર્મ ભરીને,જરૂરી આધારો સાથે બે નકલમાં તા.૨૧ સુધીમાં મદદનીશ નિયામક(રોજગાર),ની કચેરી,બહુમાળી ભવન,પ્રથમ માળ,બ્લોક નં.૩,રેસકોર્ષ પાસે, રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાનો રહેશે.

જરૂરી ફોર્મ વેબસાઇટ https://talimrojgar.gujarat.gov.in પરથી મેળવી શકાશે અથવા મદદનીશ રોજગારની કચેરી ખાતેથી વિના મૂલ્યે મેળવી શકાશે.તેમ મદદનીશ નિયામક(રોજગાર) રાજકોટની યાદીમાં જણાવાયું છે.(૧.૧૫)


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

**સૌરાષ્ટ્ર ક્રાંતી**

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧



OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com



અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com



**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

# રાજકોટને ૨૧૬ કરોડની ફાળવણીને આવકારતા રાજુ ધ્રુવ



## સંતુલિત વિકાસનો ધ્યેયમંત્ર વ્યકત કરનાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર માન્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

તાજેતરમાં રાજકોટની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સુશાસન સપ્તાહના સમાપન પર્વમાં રાજકોટના જુદા જુદા વિકાસકાર્યો માટે રૂ.૨૧૬ કરોડ રૂપિયાની ફાળવણી કરી લોકોના દિલ જીતી લીધા હતા. તેમણે લોકોને ભાજપ સરકારના સુશાસનની ખરા અર્થમાં પ્રતીતિ કરાવી છે. મુખ્યમંત્રીએ સુશાસન પર્વનો રાજ્ય કક્ષાનો સમાપન સમારોહ રાજકોટમાં યોજીને ગૌરવ પણ અપાવ્યું છે તેમ આભાર પ્રગટ કરતાં રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું.

વધુમાં જણાવ્યું છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈએ રાજકોટ મહાનગરને નૂતનવર્ષ ૨૦૨૨ની કેટલીક ભેટરૂપે કરોડોના વિકાસ કામોની જાહેરાત કરી હતી. ડ્રેનેજ, સ્ટોર્મ વોટર, ડ્રેનેજ, ફાયર સેફ્ટી સિસ્ટમ, પબ્લીક હેલ્થ લેબોરેટરી તથા અર્બન મોબિલીટીના ૧૭૦ કામો માટે ૧૮૭ કરોડ રૂપિયા મંજૂર કરવાની સાથે મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના રૂ.૩૦ કરોડના કામો માટે સૈદ્ધાંતિક મંજુરી આપી હતી.

રાજકોટને આંગણેથી રૂપિયા ૨૧૬ કરોડના ૧૪,૧૪૩ આવાસોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું છે. ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ૨૫ હજાર બહેનોને ૨૪૪૦ સ્વ સહાય જુથો મારફતે રૂપિયા ૧૦ કરોડની કુલ સહાય આપી સ્વાવલંબનથી આત્મનિર્ભરતાનો સુશાસનનો માર્ગ કંડાર્યો છે. સુશાસન માત્ર ગુજરાતના શહેરો જ નહી પણ ગામડાના લોકો - છેવાડાના માનવી સુધી પહોચ્યું છે, તેની પ્રતીતિ કરાવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આપેલો નવતર વિચાર રૂર્બન આત્મા ગામનો સુવિધા શહેરની એ ગુજરાતે સાકાર કર્યો છે. તાજેતરમાં ભારત સરકારે જે ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષ જાહેર કર્યો તેમા ગુજરાત પ્રથમ ક્રમે છે. અર્થતંત્ર, માનવ સંસાધન, માળખાકીય સવલતો, સુરક્ષા, સામાજીક કલ્યાણ અને ન્યાય જેવા માપદંડોને આધારે ગુજરાતે દેશના અન્ય રાજ્યો કરતા આગવું ગુડ ગવર્નન્સ પ્રસ્થાપિત કરી બતાવ્યું છે. ગુજરાતનું ગુડ ગવર્નયમસનું આ મોડલ શહેરોની સાથે સાથે ગામડાઓમાં પણ વ્યાપક બન્યું છે. તેમ અંતમાં રાજુભાઈ ધ્રુવે જણાવ્યું છે.

# જીટીયુ જીસેટ દ્વારા તાલીમ કાર્યક્રમ યોજાયો

## ભારતમાંથી ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ફેકલ્ટીઝ ટ્રેનિંગમાં જોડાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

વર્તમાન સમયમાં ટેક્નોલોજી દરેક જનસામાન્યની જરૂરીયાત છે. ડિજીટલાઈઝેશનના આ સમયમાં ઈન્ટરનેટ ઓફ થીગ્સની ઉપયોગીતા અને તેનું મહત્વ વિશેષ જોવા મળે છે. જેના અનુસંધાને તાજેતરમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી(જીટીયુ) સંચાલિત ગ્રેજયુએટ સ્કૂલ ઑફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (જીસેટ) દ્વારા ઈમ્પ્લિમેન્ટેશન ઑફ ઈન્ટરનેટ ઑફ થીંગ્સ એપ્લિકેશન યુઝીંગ મશીન એન્ડ ડિપ લર્નિંગ વિષય પર ૫ દિવસીય શોર્ટ-ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીટીયુના કુલપતિ પ્રો. ડો. નવીન શેઠ અધ્યક્ષ સ્થાને હાજર રહીને કાર્યક્રમનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે, જીટીયુ- જીસેટ દ્વારા સમયાંતરે આઈઓટીના વિવિધ વિષયો પર જાગૃક્તા કેળવવા માટે અનેક પ્રકારના સેમિનાર અને ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. જે અભિનંદનને પાત્ર છે. આ પ્રસંગે મેનેજર નિલેષ રાણપુરા, ઈન્ડિયન એગ્રીબિઝનેસ સિસ્ટમના સીઈઓ દિપક પરીખ, જીટીયુના કુલસચિવ ડો. કે.એન. ખેર , જીટીયુ- જીસેટ સંલગ્ન પ્રો. ડો. આર. એ ઠક્કર અને જીટીયુ જીસેટના ડાયરેક્ટર પ્રો. ડો. એસ.ડી. પંચાલ ઉપસ્થિત રહ્યા હતાં.

દેશના વિવિધ રાજ્યોના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝ ૫ દિવસીય ટ્રેનિંગ પ્રોગ્રામમાં જોડાયાં હતાં. આ પ્રસંગે તજજ્ઞોએ જણાવ્યું હતું કે, ભારત જેવા કૃષીપ્રધાન દેશમાં ડિજીટાઈઝેશન કૃષીના વિકાસ માટે મહત્વનું પરીબળ છે. આઈઓટી , મશીન અને ડિપ લર્નિંગના ઉપયોગથી કૃષી ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી શકાશે. વિશેષમાં કૃષીક્ષેત્રે પાકની લણણી, સીઝન આધારીત ખેતી, જમીનની ગુણવત્તા તેમજ પાકમાં જોવા મળતાં વિવિધ પ્રકારના રોગ વગેરે બાબતેની સચોટ અને સમયાનુસાર જાણકારી આઈઓટીના વપરાશ થકી કેવી રીતે મેળવવી જેવી વિવિધ બાબતે વિસ્તૃત ચર્ચા કરી હતી.

## પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા

# પ્રાકૃતિક ખેતી એટલે શું અને શા માટે? વિષય પર વર્ચ્યુઅલ સંવાદ

## વર્ચ્યુઅલ કાર્યક્રમમાં જોડાવા ખેડૂતોને અપીલ કરતા વિજય કોરાટ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા આગામી તા.૨૫ ને બુધવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સોશિયલ મિડિયાના ફેસબુક લાઈવના માધ્યમથી પ્રાકૃતિક ખેતી એટલે શુ અને શા માટે? વિષય પર કિસાન સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં માહિતી આપતા વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા દર મહિનાના પ્રથમ બુધવારે ખેડૂત માટે ખેતીલક્ષી માર્ગદર્શન કાર્યક્રમ ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂત વનરાજસિંહ દિલીપસિંહ ચૌહાણ તેમજ વરિષ્ઠ કૃષિ વૈજ્ઞાનિક ડો.સી.કે.ટિંબડીયા દ્વારા પ્રાકૃતિક ખેતી એટલે શું અને શા માટે ?ના વિષયની માહિતી માટે કાર્યક્રમમાં જોડાશે. રાજ્યના ખેડૂતોને સોશિયલ મિડિયા ફેસબુક લાઈવના માધ્યમથી જોડાવા ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટે અપીલ કરી છે.

## દરરોજ પસાર થતાં સેંકડો રાહદારીઓની હાલત દયનીય

# મવડી ચોકડી પાસે રસ્તાની હાલત ખરાબ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

મવડી ચોકડી થી બાપાસીતારામ ચોક સુધીના રસ્તાની હાલત ખરાબ હાલતમાં છે, છેલ્લા ઘણા સમયથી રસ્તામાં સમારકામનું કામ ચાલુ હતું. પરંતુ અંતે જે સે થે જેવી હાલતમાં આ રસ્તા થઇ જાય છે. નક્કી લાગી રહ્યું છે. આ રસ્તાના સમારકામમાં આંખ આડા હાથ થઈ રહ્યા છે. આ વિકટ પરિસ્થિતિથી દુકાનદારો અને લોકો કંટાળી ગયા છે. આવા બિસ્માર રોડની હાલતથી વાહન ચાલકોને મુશ્કેલી પડે છે. એનું સમારકામ જરૂરી છે. એસી ફુટનો રોડ તાત્કાલિક કરવામાં આવે તથા કણકોટ રોડ પર પાણીના ટાંકા સામે નીકળતો માર્ગ તાત્કાલિક ડામર રોડ કરવામાં આવે તો ખેડૂતોને રાહત થઈ શકે તેમ છે.

મવડી રોડ પર ગ્રીન પાર્કની બહાર અને ત્યાંથી લઇને મોવડી ચોકડી સુધી ખડકાતા વાહનોના આડેધડ પાર્કિંગ અને અનેક વાહન ચાલકોને મુશેકલીમાં મૂકી દે છે તો તંત્ર આ બધી બાબતે મૌન સેવી રહ્યું છે પાળ ગામના પ્રવેશ કરતા જખરાપિર મંદિર પહેલા પુલ આવે એ જર્જરીત હાલતમાં છે. આ પુલમાં કોઈપણ જાતની રેલિંગ નથી રાવકીના ઉદ્યોગકારો રાત્રે આવતા રેલિંગ વગરના પુલમાં પડી જવાની ઉદ્યોગકારોને ચિંતાઓ સતાવે છે. મવડીથી પાળ ગામના રોડને તાત્કાલિક ડબલ રોડ કરી અહીં નવા ૧૫૦ ફૂટ રોડને સ્ટ્રીટ લાઈટથી જગમગતા કરવા લોકોમાં માંગણી કરી છે.



# ભાજપ આગેવાન નાગજીભાઈ રાદડીયાના જન્મદિને પંચામૃત સેવાયજ્ઞ

## આજે સર્વરોગ નિદાન કેમ્પ, રકતદાન શિબિર, બુક વિતરણ, રસીકરણ કેમ્પ, ચકલીના માળાનું વિતરણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજકોટ શહેર વોર્ડ નં.૧૬ યુવા ભાજપના પ્રમુખ અને સૌરાષ્ટ્ર રાદડીયા પરિવારના કારોબારી સભ્ય નાગજીભાઇ રાદડીયાનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસે નિમિતે ફ્રિ સર્વરોગ નિદાન કેમ્પ, મહા રકતદાન કેમ્પ, પ્રેરણારૂપ સાવજનું કાળજુ ફ્રિ બુક વિતરણ, વેક્સિનેશન કેમ્પ, ચકલીના માળાનું વિતરણ આ રીતે પંચામૃત સેવાયજ્ઞનું ત્રિમૂર્તિ પાર્ટી પ્લોટ, કોઠારીયા રોડ ખાતે આયોજન કરેલ. તેમાં રાજકીય અગ્રણીઓ, સામાજીક અગ્રણીઓ, વેપારીઓ , ઉદ્યોગપતીઓ તથા અનેક મહાનુભાવોએ હાજરી આપી તેમને ખુબ-ખુબ અભિનંદન પાઠવેલ છે.

તેઓ સમાજ સેવા તથા લોકઉપયોગી કાર્ય માટે હરહંમેશાના માટે અગ્રેસર રહેતા યુવા વયે કંઇક કરી બતાવવાની ધગસથી અનેક લોકોના કાર્યમાં મદદરૂપ બને છે.

આજે તેમના જન્મદિવસે તેમના મો.નં. ૭૭૨૩૯ ૪૪૪૪૪, ૮૯૮૦૦ ૯૬૧૫૧ આજ સવારથીજ શુભેચ્છાઓ વર્ષી રહી છે.

# પર્યટનધામ દીવમાં ટ્રાફિક પોલીસની કનડગત

## પોલીસના વર્તન સામે સ્થાનિક લોકો અને યાત્રિકોમાં નારાજગી

(નિરવ ગઢીયા દ્વારા)

દીવ, તા.૪

દીવમાં ટ્રાફીક પોલીસની કનડગત અને અસભ્યતા ભર્યુ વર્તનના કારણે પર્યટકો અને સ્થાનિકોમાં નારાજગી સાથે રોષ જોવા મળે છે.

દીવ - દમણ - દાદરનગર હવેલી અને લક્ષદ્રીપના પ્રશાસક પ્રફુલ પટેલ જે દીવને વિશ્વ સ્તરે વિખ્યાત કરવા અનેક પ્રયત્નો કરી રહેલ છે અને વિવિધ પ્રકારના પ્રોજેકટો ઉપર પણ કામ ચાલું છે. પરંતુ દીવના ટ્રાફીક પોલીસના તોડ, ખરાબ વર્તન અને સખ્ત ટ્રાફીકનાં કાયદાના અમલના કારણે સ્થાનિકો અને પર્યટકોમાં ખુબજ નારાજગી છે. પર્યટકો પણ બીજીવાર દીવની મુલાકાત લેતા નથી. સર્કલ, મલાલા સર્કલ અને સમયમાં નાગવા આ દરેક સ્થળો ઉપર નહિ ટ્રાફીક પોલીસ તૈનાત હોય છે. પોતાનો ટાર્ગેટ પુરો કરવા ટુરિસ્ટોને હેરાન કરે છે. ટ્રાફીક પોલીસની ખાસ ફરિયાદ મળતી રહે છે. ઘોઘલા ચેક પોસ્ટ પાસે, ખોટી રીતે લોકોને હેરાન કરે છે ત્યાં પાવતી કરતા વધારે પૈસા પણ ભરવા પડે છે તેવી ફરિયાદો પણ વ્યાપક પ્રમાણે ઉઠી છે. દીવ એસ.પી.એ ટ્રાફીક પોલીસ લોકો સાથે કેવું વર્તન ટ્રેનિંગ આપવાની છે.

# ખંભાળિયાના બેહમાં રોડનું કામ શરૂ

## સરપંચ પ્રવીણ ગઢવી સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ખંભાળિયા, તા.૪

ખંભાળિયા તાલુકાના બેહ ગામમાં આવેલ જુંગીવારા ધામથી ખંભાળીયા દ્વારકા નેશનલ હાઇ-વેને જોડતા રાજ્ય સરકાર હસ્તકના ૧૦.૭ કી.મી. અંતરના રોડનું કામ એક કરોડ નેવું લાખના ખર્ચે આજે જુંગીવારા ધામ ખાતેથી બેહ ગામના સરપંચ પ્રવીણભાઈ મોમૈયાભાઈ ગઢવીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યું હતું. આ તકે જુંગીવારા ધામના અન્નક્ષેત્રના ચેરમેન અને ગ્રામ અગ્રણી વેરશીભાઈ ગઢવી, રામભાઈ માયાણી, સામત માયાણી, જેશાભાઈ, સાજાભાઈ મધુડા, માણસી હરીભાઇ ગઢવી, વેજાણંદભાઈ, માયાભાઈ ગઢવી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આર.એન.બી. વિભાગના અધિકારી એ.કે.સોલંકી અને પી.વી.કણઝારીયાની દેખરેખ હેઠળ પવન કન્ટ્રકશન દ્વારા આ કામ હાથ ધરાયુ છે. બેહમાં જુંગીવારા વાછરાભાઈનું વિખ્યાત ધામ આવેલું છે. જેને કારણે દરરોજને માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. જેને કારણે મોટી સંખ્યામાં વાહનોનો અવરોજવરો રહેતા હોય છે. માટે બેહ ગ્રામજનો માટે આ એક સુવિધાયુક્ત રસ્તાનું કામ શરૂ થતા ગ્રામજનો માટે વધુ એક સુવિધા બની રહેશે.

# ચેક રીટર્ન કેસમાં રૂા.૧૭ લાખના ચેકમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતી નામદાર અદાલત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

શહેરમાં રહેતા વેપારીએ મિત્રતાના દાવે ફ્લેટ ખરીદવા આપેલા ૧૭ લાખ ચૂકવવા આપેલો ચેક પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતાં અદાલતે મહિલાને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા અને ગ્રીનહાઉસ નું કામકાજ કરતા સત્યેન્દ્રસિંહ જાડેજા નામના વેપારીએ જયેશભાઈ ભીમાણીને મિત્રતાના દાવે તેની પત્ની પુનમબેન જયેશ ભીમાણીને ફ્લેટ ખરીદવા માટે આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા ૧૭ લાખની આર્થિક મદદ કરી હતી. લોન પાસ થયે રકમ પરત ચૂકવવાની બાહેંધરી સાથે આપેલો ચેક વગર વસુલાતએ બેંકમાંથી પરત ફરતા કાયદાકીય પ્રોસિજર મુજબ નોટિસ પાઠવવા છતાં ચેક મુજબની રકમ સમય મર્યાદામાં ન ચૂકવતાં અદાલતમાં નેગોશીએબલ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

કેસની સુનાવણી અદાલતમાં ચાલવા પર આવતા ફરિયાદ પક્ષે કરવામાં આવેલી દલીલ તેમજ નવ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે બચાવ પક્ષે કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ ફરિયાદ પક્ષ લેણી રકમ સાબિત કરવામાં સ્થળ રહેલ હોવાથી તેમજ બચાવપક્ષના એડવોકેટની દલીલો ધ્યાને લઇ જજ એન.એચ. વસવેલીયાએ પુનમબેન જયેશ ભીમાણીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે બચાવ પક્ષે પુનમબેન જયેશભાઈ ભીમાણી વતી એડવોકેટ તરીકે રાકેશભાઈ દોશી, ગૌતમભાઈ ગાંધી અને કુંડલીયા રોકાયા હતા.

## ડોકટરના ફલેટમાંથી ચોરી કરનાર તસ્કર ઝબ્બે, ૫ લાખનો મુદ્દામાલ જપ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

જાગનાથ પ્લોટમાં બંધ ફ્લેટને નિશાન બનાવ્યું હતું. શહેરના જાગનાથ પ્લોટ વિસ્તારના રાજદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા સરકારી મેડિકલ કોલેજના ડોક્ટર સેજુલ અંટાળાના બંધ ફ્લેટમાં ખાબકી તસ્કરો ગત તા.૨૭ની રાત્રીના રૂ.૧૨.૫૬ લાખનો મુદ્દામાલ ઉસેડી ગયા હતા. પોલીસે ચોરીનો ભેદ ઉકેલી નાખી નામચીન તસ્કરને ઝડપી લઇ રૂ.૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તસ્કરના સાગરીતની શોધખોળ શરૂ કરી હતી. સીસીટીવી ફૂટેજ ચેક કરતાં ફ્લેટમાં ખાબકેલા બે તસ્કર કેમેરામાં કેદ થઇ ગયા હતા અને બંને શખ્સ ચોરી કર્યા બાદ એક્ટિવામાં કોઠારિયા સોલવન્ટ વિસ્તારની સીતારામ સોસાયટી સુધી દેખાયા હતા. તસ્કર બેલડી સીતારામ સોસાયટીમાં રહેતી હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે બાતમીદારને કામે લગાડ્યા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## ગુજરાતની શાળાઓમાં કોરોનાનો કાળો કેર, ઓનલાઈન શિક્ષણની વાલીઓની માંગ

અને શિક્ષકો કોરોના સંક્રમિત થઇ ગયા છે. સૌથી વધુ સુરતમાં ૯૦ થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કોરોના સંક્રમણ થયું છે. આ રીતે કોરોનાએ શાળાઓમાં હાહાકાર મચાવવાનું શરૂ કર્યું હોવાથી વાલીઓ તમામ વર્ગોનું ઓનલાઈન શિક્ષણ જ ચાલુ રાખવા જોરદાર માંગણી કરી રહ્યા છે. રાજકોટ, સુરત, અમદાવાદ વગેરે શહેરોમાં તો કેટલાક શાળા સંચાલકોએ ખૂદ ઓફલાઈન વર્ગ બંધ કરી જ દીધા છે અને વધુ વર્ગો બંધ થવાની શક્યતા છે.(૨.૧૨)

## દરેક વ્યક્તિને મરજી મુજબનો ધર્મ અનુસરવાનો અધિકારઃ વૈંકૈયા નાયડુ

સૌથી મહત્વનાં હોવાની સોનેરી શીખ આપી હતી. આજે દરેક સમાજને આવા સંતની જરૂર છે. જે તમામ વર્ગો જાતિ-જ્ઞાતિને સામાજીક અને સાંસ્કૃતિક રીતે જોડી દે એવી મનોદ્રષ્ટિ ધરવતા ઉંચા વ્યક્તિત્વની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, સેવા અને આપ-લે ની ભાવના ભારતીય જનજીવન સાથે સદીઓથી વણાયેલા સંસ્કારો છે. જેનું ચુસ્તપણે અનુસરણ કરવાની જરૂર છે. ભારતે જ વિશ્વને વસુધૈવ કુટુંબકમનો સંદેશો આપ્યો છે. એ ભાવનાને લઈને આપણે આગળ વધવાનું છે. ખ્રિસ્તી સંતની સામાજીક સેવા એ સમયે કોઈ એક કોમ પુરતી સીમિત ન હતી. ખુલ્લા મને એમણે સમગ્ર સમાજ અને જ્ઞાતિઓની સેવા કરી સામાજીક સુધારક તરીકે વિખ્યાત થયા હતા.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટ સિવિલમાં કોરોના રીપોર્ટ કરાવવામાં લોકોને પગે પાણી, આંખે અંધારા..!!

બનાવવી જોઈએ. તેના બદલે રાજકોટ સિવિલ હોસ્પિટલનું નઘરોળ તંત્ર તેની કાયમી કુટેવ મુજબ લાપરવાહી, બેદરકારી સાથે ગોકળગાયની ગતિએ કામ કરી રહ્યું છે. જેના કારણે કોરોના રીપોર્ટ અને ટેસ્ટીંગની પ્રક્રિયા માટે આવતા શહેરીજનોને હેરાનગતિને કારણે આંખે અંધારા આવી જાય છે. સિવિલમાં રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ એક જ બિલ્ડીંગમાં અને એક સરખા સ્થળે જ કોરોના ટેસ્ટીંગ અને રીપોર્ટની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ગોઠવવી જોઈએ. એવી ઉગ્ર લોકલાગણી છે. શું વહીવટીતંત્રને લોકોનો અવાજ સંભળાશે ખરો? રાજકોટ સિવિલમાં કોરોના દર્દીઓને એક સ્થળેથી બીજે સ્થળે લેબોરેટરીનાં ધક્કા ખાવા પડી રહ્યા છે. એ ખૂબ જ ગંભીર હકીકત છે. આવી બુધ્ધિહીન વ્યવસ્થા હોવાથી કોરોનાનું સંક્રમણ પ્રસરી રહ્યું છે. કોરોના દર્દીઓની સાથે-સાથે ટેસ્ટીંગ માટે આવનારા અન્ય લોકોને પણ સંપર્કમાં આવવું પડે છે. છતાં રીપોર્ટ માટે સિવિલનાં કેમ્પસમાં એક સ્થળેથી બીજા સ્થળે લોકોને ધકેલવામાં આવી રહ્યા છે. આવી અણઘણ પ્રક્રિયાને કારણે કોરોના ફૂંફાળો મારી રહ્યો છે. શું એ માટે સ્થાનિક તંત્ર જવાબદાર ન ગણાય? રાજ્યનાં આરોગ્ય મંત્રાલય દ્વારા આ દિશામાં સિવિલ હોસ્પિટલ તંત્રનો કાન ખેંચીને યોગ્ય વ્યવસ્થા ગોઠવવાનો આદેશ અપાય. એવી બુલંદ લોકમાંગણી સંભળાઈ રહી છે. જો તાકીદે વ્યવસ્થા ન થાય તો કોરોના અગાઉની જેમ બેકાબુ બની જવાનો ડર રહે છે. સંભવિત ત્રીજી લહેરને રોકવા માટે રાજ્ય સરકાર શક્ય તમામ પગલા લઇ રહી છે. ત્યારે સિવિલ તંત્ર ઉલ્ટા પગે ચાલી રહ્યું છે અને સેંકડો લોકોનાં જાન જોખમમાં મૂકી રહ્યું છે. રાજ્ય સરકાર યુધ્ધનાં ધોરણે દરમ્યાનગીરી કરે એ જરૂરી છે.(૨.૧૨)

## ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડની તપાસનો આદેશ

ઉર્જામંત્રીનાં પત્રકારોને જવાબથી જબરું આશ્ચર્ય સર્જાયું હતું અને મોટો વિવાદ થવાની શક્યતા પણ ઉભી થઇ છે. ઉર્જામંત્રી કનુ દેસાઈએ પત્રકારો સમક્ષ માત્ર એટલું કહ્યું હતું કે મને કશી ખબર નથી. અમારા પ્રવક્તા જવાબ આપશે.૨૦૨૧ ની સાલમાં ઉર્જા વિભાગની ભરતી અને પરીક્ષામાં કૌભાંડ થયાનો અને ભરતી કરતી એજન્સીની સંડોવણી હોવાનો ધડાકો થયો છે.(૨.૧૨)

## ગુજરાત કોંગ્રેસનાં સંગઠનને મજબુત કરવા તડામાર તૈયારીઓ

પરફોર્મન્સએ મુખ્ય માપદંડ રહેશે અને તેના આધારે જ પરિવર્તન કરવાનો કે જે-તે યુનિટ યથાવત રાખવાનો નિર્ણય મોવડીઓ લેશે. સરવાળે કોંગ્રેસમાં વિધાનસભાની ચૂંટણીઓની તૈયારીઓનો અત્યારથી જોરદાર પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આગામી દિવસો કોંગ્રેસ માટે મહત્વનાં બની રહેશે. રાજકીય નિરીક્ષકો પણ આતુરતાથી મીટ માંડીને બેઠા છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## ફ્રીડમ 2 વોક અને ફ્રીડમ 2 સાયકલ ચેલેન્જનું આયોજન

ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા અને સમાજ કલ્યાણ સમિતિનાં ચેરમેન પરેશભાઈ પીપળીયાએ જણાવ્યું હતું અને આ ચેલેન્જમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા (સ્ટેપ્સ)ની પણ માહિતી આપી હતી. આ ચેલેન્જના ભાગ રૂપે નિર્ધારિત સમયગાળામાં જે પણ શહેરમાંથી સૌથી વધુ નાગરિકો આ ચેલેન્જમાં ભાગ લેશે તે શહેરને કેન્દ્રના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા સન્માનિત કરવામાં આવશે. આ ચેલેન્જના ભાગરૂપે નાગરિકો નીચે જણાવેલ લિંક પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને તા.૧-૧ થી તા.૨૬-૧ સુધી વોકિંગ અથવા સાયકલિંગ કરીને પોતાનું યોગદાન આપવાનું રહેશે. આ ચેલેન્જમાં જે શહેરના સૌથી વધુ નાગરિકો ભાગ લેશે અને ભાગ લેનાર નાગરિકો દ્વારા સાયકલિંગ કે વોકિંગમાં સૌથી વધુ ડિસ્ટન્સ રેકોર્ડ કરવામાં આવશે તે શહેરને સન્માનિત કરવામાં આવશે.

# ચેક રિટર્ન કેસમાં સમન્સ ઈશ્યુ કરતી કોર્ટ

રાજકોટ: કેસની વિગત જોઈએ તો શહેરમાં ૮૦ ફુટ રોડ, આજીવસાહતમાં ઈશ્વરકૃપા ફાઉન્ડ્રીના ભાગીદાર નાગજીભાઈ કાનજીભા તોગડીયાએ રાજકોટમાં રામનગર સોસાયટી, ૮૦ ફૂટ રોડ, આદીવસાહતમાં વધારો એન્જીનીયર્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ તથા તેના પોપરાઈટર દિલિપભાઈ નાથાભાઈ વાગડીયા વિરૂદ્ધ ફરીયાદ રાજકોટની અદાલતમા દાખલ કરેલ કે આરોપીઓ દ્વારા ફરીયાદી પેઢી પાસેથી તબકકે તબકકે કાસ્ટીંગ ખરીદેલી રૂા.૭૫,૦૦૦ તથા ૮૮,૫૯૭ ના બે ચેકો આરોપીઓ વિરૂદ્ધ ચેકો રીટર્ન સબંધ અદાલતમાં ફરીયાદ દાખલ કરી રજુઆત કરવામાં આવેલ કે, ખરીદ કરેલ માલના બીલો, લેઝર સ્ટેટમેન્ટ, ડીમાન્ડ નોટીસ સહિતના દસ્તાવેજો તથા રજુઆત ધ્યાને લઈ આરોપીઓ શીવારા એન્જીનીયર્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ તથા તેના પ્રોપરાઈટર દિલિપભાઈ વાગડીયા નાઓને કેસમાં અદાલતમાં હાજર થવા સમન્સ ઈસ્યુ કરતો હુકમ ફરમાવવામાં આવેલ છે. આ કામમાં ફરીયાદી નાગજીભાઈ તોગડીયા વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા રોકાયેલ હતા.

# ચેક રીટર્નના કેસમાં આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા સુનાવતી કોર્ટ

રાજકોટ તા.૪ ; રાજકોટના વિપુલ કિર્તીભાઈ શાહ દ્વારા સબંધનાત દાવે વિજય પાંચાભાઈ વાદીને રૂા .૧૩,૨૫,૦૦૦ તથા રૂા .૨,૫૦,૦૦૦ સંબંધના દાવે આપેલ હતા રકમ પરત ચુકવવા માટે રૂા .૧૩,૨૫,૦૦૦ તથા રૂા . ૧,૭૦,૦૦૦ ના ચેકો આપેલ હતા જે ચેકો રીટર્ન થતાં ફરીયાદીએ સને -૨૦૨૧ ની સાલમાં કોર્ટમા ફરીયાદ કરેલ હતી. જે કેસ ચાલી જતાં વિજય પાંચાભાઈ વાદીને ૧ વર્ષની સાદા કેદની સજા ફટકારેલ હતી. ફરીયાદી દ્વારા રજુ થયેલ અલગ-અલગ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ અને કાયદેસ સરનું લેણું છે તે અંગેના પુરાવાઓ રજુ કરતાં વિજય પાંચાભાઈ વાદીને ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ફરીયાદીને અલગથી વળતરની રકમ ચુકવવાનો હુકમ કરેલ છે અને જો સમય મર્યાદાની અંદર વળતર ન ચુકવે તો વધુ સજા ભોગવવાનો આદેશ કરેલ છે . આ કેસમાં ફરીયાદી તરફે રાજકોટના ધારાશાસ્ત્રીઓ કમલેશ એન. શાહ, જિજ્ઞેશ એન. શાહ, ભરત એચ. સંઘવી, સુરેશ સી. દોશી, નાસીર એચ. હાલા, જતીન એન. પંડયા, ધવલ જે. પડીયા તથા જીગર બી. સંઘવી રોકાયેલા હતા.

# શહેર ભાજપ કિસાન મોરચા દ્વારા કારોબારી બેઠક યોજાઈ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ગુજરાત પ્રદેશ ભાજપની યોજના અનુસાર હાલ તમામ જિલ્લા મહાનગરોમાં કિસાન મોરચાની કારોબારી બેઠક યોજાઈ રહી છે. તે અંતર્ગત રાજકોટ મહાનગર ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ કિસાન મોરચાના પ્રમુખ ભરતભાઈ શીંગાળા, મહામંત્રી રસિકભાઈ પટેલ, યોગેશ ભુવાની આગેવાનીમાં શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ કિસાન મોરચાની કારોબારી બેઠક યોજાઈ હતી. આ કારોબારી બેઠકકમાં કિસાન મોરચાના શહેર હોદેદારો, તમામ વોર્ડના કિસાન મોરચાના વોર્ડ પ્રમુખ- મહામંત્રી અને કારોબારી સભ્ય ઉપસ્થિત રહયા હતા. આ કિસાન મોરચાની કારોબારી બેઠકમાં સંચાલન અને વ્યવસ્થા શહેર ભાજપ કિસાન મોરચાના મહામંત્રી રસિકભાઈ પટેલ, યોગેશ ભુવાએ અંતમાં આભારવિધિ કિસાન મોરચાના કોષાધ્યક્ષ રમેશભાઈ ઉઘાડએ કરી હતી. આ બેઠકમાં શહેર ભાજપ કિસાન મોરચાના જગદીશભાઈ કણસાગરા, યોગરાજસિંહ જાડેજા, સુરેશભાઈ બોઘાણી, મહેશભાઈ સાકરીયા, રાજનભાઈ સિંધવ, વિઠ્ઠલભાઈ અંભગી, રસીકભાઈ સાવલીયા, દિનેશભાઈ લીંબાશીયા, અતુલભાઈ પોકર, રમેશભાઈ ઉઘાડ, મહેશભાઈ પીપળીયા સહિતના હોદેદારો તેમજ વોર્ડના કિસાન મોરચાના વોર્ડ પ્રમુખ, મહામંત્રી અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મિરામ્બિકા એજયુકેશન સંકુલમાં ૪૫૦ બાળકોને રસીકરણ






**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: રાજકોટના મિરામ્બિકા એજયુકેશન સંકુલમાં વેક્સિનેશન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને વેક્સિન આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લાયન્સ કલબના પૂર્વ ગવર્નર એમ.જે.એફ. બી.ડી.જાડેજા (મિરામ્બિકા સંસ્થાના સ્થાપક) તેમજ હર્ષાબા જાડેજા (સંસ્થાના ટ્રસ્ટી) અને લાયન્સ કલબ ઓફ રોયલ સિટીના પ્રેસિડેન્ટ મિતેશભાઈ ચાવડા તેમજ તમામ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પને સફળ બનાવવામાં સહયોગ આપનાર આર.એમ.સી. અને આરોગ્ય મંત્રાલયનો આભાર વ્યકત કરાયો હતો.

# ઉપલેટામાં દેવાયત બોદરની પ્રતિમાનો સ્થાપના દિન ઉજવાયો

## આહીર અને ક્ષત્રિય સમાજની વિશાળ હાજરીમાં ભાવાંજલિ અર્પણ

(આશિષ લાલકીયા દ્વારા)

ઉપલેટા, તા.૪

ઉપલેટા શહેરના નાગનાથ ચોકમાં આવેલ આહીર વીર દેવાયતબાપુ બોદરની પ્રતિમાની સ્થાપના દિવસની નાગનાથ ચોક યુવક મંડળ દ્વારા શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાંજના ૫ વાગ્યે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેશોદના વનરાજસિંહ રાયજાદાએ ખાસ હાજર રહી અને દેવાયત બાપુના બલીદાન અંગે વક્તવ્ય આપેલ હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં શહેર અને તાલુકામાંથી ઉપસ્થિત આહીર અને ક્ષત્રિય સમાજના આગેવાનોનું



આયોજકો દ્વારા ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ હતું. આ તકે લોક સાહિત્યકાર માલદેભાઇ આહીર, ઉપલેટા નગરપાલિકાના યુવા પ્રમુખ મયુર સુવા, પૂર્વ નગરપતી દાનભાઇ ચંદ્રવાડીયા, ડો.પ્રો.પ્રવીણભાઈ ભેડા, ભાયાવદરના ઇન્દ્રવિજયસિંહ ચુડાસમા સહીતના આગેવાનોએ પ્રાસંગીક પ્રવચનો કરેલ હતા. આ કાર્યક્રમમાં ઉપલેટા નગરપાલિકાના સદસ્યો, ગામડાના સરપંચો, શહેર અને તાલુકાના આહીર અને ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવાનો વિગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અંતમાં આગેવાનોના હસ્તે દેવાયતબાપુની પ્રતિમાને હારતોરા કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નાગનાથ ચોક યુવક મંડળના સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવેલ હતી અને આ કાર્યક્રમનું સફળ સંચાલન દિવ્યેશ ચંદ્રવાડીયા કરેલ હતું.

# ભાયાવદરમાં નિવૃત થનાર હોમગાર્ડ કર્મીને વિદાયમાન



(આશિષ લાલકીયા દ્વારા)

ઉપલેટા, તા.૪

ઉપલેટાના ભાયાવદર હોમગાર્ડ યુનિટ દ્વારા છેલ્લા પાંચક વર્ષમાં નિવૃત થનાર હોમગાર્ડઝ સભ્ય તેમજ સભ્ય મળીને કુલ છ હોમગાર્ડઝ સભ્યોના સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ડોકટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પર હારતોરા કરી અને સરદાર ચોકમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પર હારતોરા કર્યા હતા અને બાદમાં સરદાર ચોકથી રાજપુત સમાજ સુધી તમામ ભાયાવદર હોમગાર્ડ યુનિટના સભ્યોએ ડી.જે. ના સંગ સાથે દેશ ભક્તિના ગીતનો આનંદ કરી રાજપુત સમાજમા વિદાય સન્માન સમારોહનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. તમામ મહેમાનોનું ભાયાવદર હોમગાર્ડ યુનિટના સભ્યોએ પુષ્પાગુચ્છ અને સાલ ઓઢાણીને સન્માન કરેલ હતુ.

# પ્રદેશ અનુ.જાતી મોરચા પ્રમુખનો રાજકોટ જીલ્લામાં પ્રવાસ

## જીલ્લા અ.જા. મોરચા પ્રમુખ મનોજ રાઠોડની અધ્યક્ષતામાં મંડલોમાં પરિચય બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજકોટ જિલ્લાના ગોંડલમાં આવેલ મેઘજી પેથરાજ છાત્રાલય ખાતે ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ પ્રદ્યુમનભાઈ વાંઝા, રાજ્ય સરકારના મંત્રી પ્રદીપભાઈ પરમાર, મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ અને જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રભારી જીતુભાઈ મણવર, મીડિયાના સહપ્રભારી કલ્પેશભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ મનોજભાઇ રાઠોડની આગેવાનીમાં જિલ્લા તથા મંડળના હોદ્દેદારો હાજર




રહેલ હતા.

આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિની મેઘજી પેથરાજી છાત્રાલય, ગોંડલની મુલાકાત પ્રદેશ હોદ્દેદારોએ લીધેલ અને વિદ્યાર્થીઓને નોટબુક તથા પેનનું વિતરણ કરવામાં આવેલ તથા આ કાર્યક્રમમાં હાજર રહેલ તમામ હોદ્દેદારોની પરિચય બેઠક કરવામાં આવી હતી.

## થેલેસેમિયાના બાળકો, કેન્સર અને કિડનીના દર્દીઓના લાભાર્થે

# રકતદાન કેમ્પ તથા ડાયાબીટીસ ચેકઅપનું આયોજન

## પાયલ મેટરનીટી હોસ્પિટલના સંકુલમાં ગુરૂવારે કરાયું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

આગામી તા.૬ ને ગુરૂવારે સાંજે ૪ કલાકથી રાત્રીના ૮ કલાક સુધી પાયલ મેટરનીટી હોસ્પિટલના સંકુલમાં રકતદાન, ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ યોજાશે. થેલેસેમિયાના બાળકો અને કિડનીના દર્દીઓના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કર્યું છે. લાયન્સ કલબ રાજકોટ આવકાર, શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપ, પીયળલ મેટરનીટી હોસ્પિટલ, રેડસ્ટોન આયુર્વેદા અને વિંગ્સ આઈ.વી.એફ.ના સંયુકત ઉપક્રમે કેમ્પ અંગેની વિસ્તૃત માહિતી આપતા લાયન્સ કલબના પ્રમુખ અને સરકારી વકીલ લાયન સમીરખભાઈ ખીરા અને વિંગ્સ આઈ. વી.એફ. હોસ્પિટલના નિષ્ણાંત તબીબ ડો.સંજયભાઈ દેસાઈએ જણાવ્યું કે, તંદુરસ્ત નાગીરકે વર્ષમાં એક વખત તો અવશ્ય રકતદાન કરવું તે એક સેવાનું કાર્ય છે. રકતનું એક ટીપુ અનેકની જીંદગી બચાવી શકે છે. સમાજના થેલેસેમિયાગ્રસ્ત બાળકો તેમજ રાજરોગ એવા કેન્સર અને કિડનીના રોગથી પીડીત જરૂરિયાતમંદ દર્દીઆના લાભાર્થે આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. રકતદાન કરનાર દાદાની ભાવનાની સરાહના કરી તેઓને લાયન્સ કલબ રાજકોટ આવકાર તથા પાયલ મેટરનીટી હોસ્પિટલ તરફથી આકર્ષક ગીફ્ટ હેમ્પર આપવામાં આવશે. આ 'રકતદાન મહા કેમ્પ તથા ડાયાબીટીસ ચેકઅપ' નું ઉદ્‌ઘાટન લાયન્સ કલબ રાજકોટ આવકારના હિતેશભાઈ કોઠારી તથા ડોલરભાઈ કોઠારી કરશે. પાયલ મેટરનીટી હોસ્પિટલના ડો.પ્રતિક્ષાબેન દેસાઈના ૫૧ માં યશસ્વી જન્મદિનના અવસરે આયોજીત કેમ્પમાં શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપના વિનયભાઈ જસાણીનો પ્રસંશનીય સહયોગ પ્રાપ્ત થયેલ છે.

સમીરભાઈ ખીરા, હિતેશભાઈ કોઠારી અને ભાવનાબેન કોઠારી, ડોલરભાઈ કોઠારી, ડો.સંજયભાઈ, પ્રતિક્ષાબેન, શૈલેષભાઈ શાહ, સંજયભાઈ જોષી, દિનેશભાઈ ઠકરાર તથા શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપના વિનયભાઈ જસાણી તથા રેડસ્ટોન આયુર્વેદાના ડો.જે.પી. જાડેજાએ અનુરોધ કરેલ છે.

# ગોંડલ તાલુકા ભાજપ યુવા અગ્રણી મનોજ અકબરીનો આજે જન્મદિવસ



રાજકોટ: ગોંડલ તાલુકા ભાજપના યુવા અગ્રણી મનોજભાઈ અકબરીનો આજે જન્મદિવસ છે. મનોજભાઈ એ તેમના યશસ્વી જીવનના ૩૭ વર્ષ પૂર્ણ કરીને ૩૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આજે મનોજભાઈના જન્મદિવસ પર તેમના પરિવારજનો, મિત્ર-વર્તુળ, રાજકીય આગેવાનો તેમને તેમના મો.નં.૯૮૭૯૫ ૯૮૭૦૧ પર શુભેચ્છાઓનો ધોધ વરસાવી રહ્યા છે. આજે મનોજભાઈ અકબરીના જન્મદિવસ પર 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભકામનાઓ...

# સાહિત્ય સેતુ યોજીત પુસ્તક પરબ મણકો-૪ સંપન્ન

## પ્રબુધ્ધ વાંચકોએ ઉપસ્થિત રહીને પુસ્તક પરબને હોંશે-હોંશે વધાવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યીક પ્રવૃતિઓ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા વાંચન પ્રવૃતિને વેગ આપવા દર મહિનાના પ્રથમ રવિવારે કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં પુસ્તક પરબ શરૂ કરવામાં આવેલ છે. પુસ્તક પરબનો ચોથો પ્રબુધ્ધ નાગરિકો ભાવકોને વાંચકોના બહોળા સમુદાયની ઉપસ્થિતિમાં ખૂબ જ ઉમળકાભેર સંપન્ન થયેલ હતો.

સંસ્થાને ભેટમાં મળેલા અંદાજે પાંચ હજાર પુસ્તકોમાં ધાર્મિકા, આધ્યાત્મિક, ચિંતનાત્મક, પ્રવાસ, આરોગ્ય, ઈતિહાસ, દેશભકિતના એમ વિવિધ શૃંખલામાં પુસ્તકોને વાંચન પ્રેમીઓ માટે ખુલ્લા મૂલ્યામાં આવ્યા છે. જેમાંથી પુસ્તક પ્રેમીઓ પોતાને મનગમતું પુસ્તક કોઈ ડિપોઝીટ કે વગર પોતાના ઘરે વાંચવા લઈ શકે છે. જેને વાંચકોએ હોંશે-હોંશે વધાવેલ છે. પુસ્તક પરબના ચોથા માણસમાં શહેરના સામાજીક અગ્રણી મુકેશભાઈ દોશી, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય, અમેરિકા નિવાસી છતાં શાંતીભાઈ ફળદુ, શિવ સેનાના પ્રમુખ જીમ્મીભાઈ અડવાણી, નિવૃત આર.ટી.ઓ. અધિકારી જે.વી.શાહ, સહિતના અગ્રણીઓ મુલાકાતે પધારેલ અને શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર આયોજનની સફળત માટે સંસ્થાના અનુપમ દોશી, સુધીર દતા, જનાર્દન આચાર્ય હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, પરિમલભાઈ, હરેનભાઈ મહેતા, મહેશભાઈ જીવરાજાની, નૈષધભાઈ વોરા કાર્યરત રહ્યા હતા.

# બાળકોને ફિલ્મ બતાવીને થર્ટી ફર્સ્ટની ઉજવણી



(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર, તા.૪

અમદાવાદની એલ.જે યુનિવર્સિટીના વિધાર્થીઓ દ્વારા ૫૦ અનાથ બાળકોને થિયેટરમાં ફિલ્મ બતાવી ૩૧ ડીસેમ્બર ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. એલ.જે યુથ સેન્ટરના વિદ્યાર્થીઓ દ્વારા ૩૧ ડિસેમ્બરની અનોખી ઉજવણી કરવા સરસ્વતી આશ્રમ શાળાના ૫૦ અનાથ બાળકોને મૂવી બતાવી ૩૧ ની અનોખી ઉજવણી કરી હતી. આ બાળકો માટે થિયેટરમાં મૂવી જોવાનો આ પહેલો અનુભવ હતો. બધા બાળકો ખૂબ-ખુશ થયા હતા. યુથ સેન્ટરના યુવાનો દ્વારા કરવામાં આ આવેલી આ સેવાકીય પ્રવૃત્તિ અનેક યુવાનો માટે પ્રેરણારૂપ છે.

# ભાયાવદરમાં આરએસએસ દ્વારા એકત્રીકરણ અને પથ સંચલન



(આશિષ લાલકીયા દ્વારા)

ઉપલેટા, તા.૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છેલ્લા ૯૬ વર્ષથી સંપૂર્ણ ભારતમાં દૈનિક શાખાના માધ્યમથી રાષ્ટ્ર જાગરણનું કાર્ય કરે છે. વર્તમાન સમયમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યનો વિસ્તાર ગામડાઓ સુધી લઈ જવા માટે ઉપલેટા તાલુકામાં ભાયાવદર ઉપખંડ તથા વરજાંગજાળિયા ઉપખંડ બે ભાગમાં એકત્રીકરણ રાખવામાં આવેલ હતા.

જેના ભાગરૂપે ભાયાવદરમાં ૩ મંડલ કેન્દ્ર જેમાં ખાખીજાળિયા મંડળ, પાનેલી મંડલ, ભાયાવદર મંડલનું એકત્રીકરણ રાખવામાં આવેલ હતું. એકત્રીકરણમાં અલગ-અલગ પ્રકારના સત્રો રાખવામાં આવેલ. જેમાં સંઘ પરિચય, સંઘની ભૂમિકા, એક કલાકની શાખા, અલગ અલગ વિષયો ઉપર ચર્ચા જેવા વિષયો રાખવામાં આવેલ હતા. ભાયાવદર ગામમાં ગણવેશ સ્વયંસેવકો દ્વારા ઘોષ સાથે પથ સંચલન કરવામાં આવેલ હતું.

આ પંથ સંચલનનું ગામ દ્વારા ફૂલહારથી સ્વાગત કરાવમાં આવેલ હતું. સ્વયંસેવકો દ્વારા ૧૨ જાન્યુઆરી સ્વામિ વિવેકાનંદ જયંતિ નિમિત્તે નહર ગાંવ શાખાનું તથા સેવા સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે.

# ચોટીલાની વિદ્યાર્થિનીઓની નેશનલ ખો-ખો સ્પર્ધામાં પસંદગી

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી વિનયન કોલેજનું ગૌરવ વધાર્યુ



(મોહસીનખાન પઠાણ દ્વારા)

ચોટીલા, તા.૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં બહેનો માટે ઇન્ટર કોલેજ ખો-ખો સ્પર્ધા મહિલા કોલેજ ખામટા ખાતે યોજાઇ હતી. આ સ્પર્ધામાં પ્રથમ વખત જ ભાગ ચોટીલાની રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી વિનયન કોલેજ ચોટીલાની ટીમે ભાગ લીધો હતો અને ખૂબ જ સારું પ્રદર્શન કર્યું હતું. આ કોલેજની ટીમમાંથી ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી વિદ્યાર્થીની પરમાર સજ્જનબેન કાળુભાઈ કે જેઓ બી.એ. સેમેસ્ટર ૪ માં અભ્યાસ કરે છે અને ચોટીલા તાલુકાના સણોસરા ગામે રહે છે તેમજ ગોહિલ નેહલબેન ગગજીભાઈ કે જેઓ બી.એ. સેમેસ્ટર-૧ માં અભ્યાસ કરે છે અને ચોટીલા તાલુકાના અંતરિયાળ એવા લાખચોકીયા ગામે રહે છે. આ બંને વિદ્યાર્થીનીઓની ખો-ખો નેશનલ સ્પર્ધામાં પસંદગી થતા રા. શા. ઝવેરચંદ મેઘાણી વિનયન કોલેજ ચોટીલા તેમજ ચોટીલા તાલુકાનું ગૌરવ વધારેલ છે. આ તકે કોલેજ ના આચાર્ય ડો. સી. બી. બાલસ, રમતગમત ઇન્ચાર્જ ડો. અસ્મિતાબેન લીંબાસિયા તેમજ રતાભાઇ રોજાસરા દ્વારા વિદ્યાર્થીની ઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# તળાજા તાલુકામાં સંકલન બેઠકમાં પ્રશ્નોની રજૂઆત

(રાજ પંડ્યા દ્વારા)

તળાજા, તા.૪

તળાજા તાલુકાના ડે. કલેક્ટરની અધ્યક્ષતામાં સંકલન બેઠક યોજાઈ હતી. જેમાં કડીઓ ગાયબ અને એસ.ટી., રોડ-રસ્તા, હોસ્પિટલ, સિંચાઈ સહિતના સરકારી કામોમાં ભ્રષ્ટાચાર અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેથી કેટલાક કિસ્સામાં જવાબદારોને સૂચના પણ આપવામાં આવી હતી.

એસ.ટી.ની વાત કરીએ તો નેશનલ હાઈવે બન્યા બાદ ગામમાં એસટી સ્ટેન્ડ સુધી બસ ન જતી હોવાની ફરિયાદના આધારે હાજર રહેલા એસટી વિભાગે કંડક્ટર વિના બસ ચાલવી મુશ્કેલ હોવાનો જવાબ આપ્યો હતો. ખેડૂતોને કનેક્શન આપવા માટે માંગણી કરી હતી. સંકલન બેઠકમાં નેતાઓને ભ્રષ્ટાચાર વિના કામ કરવા અનુરોધ કર્યો હતો. જેમાં આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, આજીવન કાર્ડ, રેશનકાર્ડ અને અન્ય દસ્તાવેજી પુરાવાઓ માટે, અરજદારોનું નામ, સરનામું અને જન્મ તારીખ ચોક્કસ કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા ખોટી હોય તો પણ સરકારી કચેરીઓના બાબુઓ દ્વારા શોષણ કરવું પડે છે. સરકારી કચેરીઓમાં થતી કામગીરીથી અરજદારોને સંતોષ માનવો ન મળવાના મુદ્દે જીવંત ચર્ચા થઈ હતી.

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા સેવાકાર્ય

## શાળા નં.૬૯ બાળકોને નાસ્તાનું વિતરણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજકોટ શહેરની સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા સપ્તાહમાં એકવાર માનવતા જેના લોહીમાં વહે છે. તેવા સુખી અને માનવતાપ્રેમી દાતાઓનાં આર્થિક સહયોગથી દરેક સીઝન અનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શહેરનાં તમામ વિસ્તારમાં આવેલ સરકારી શાળાનાં છાત્રોને નાસ્તાનું વિતરણ કરવામાં આવે છે.

જે અંતર્ગત શહેરનાં અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં આવેલ શ્રી શ્યામપ્રસાદ મુખરજી પ્રાથમિક શાળા નં.૬૯ માં મવડી વિસ્તારમાં રહેતા દિલીપભાઈ વરસાણી અને તુલસીભાઈ વરસાણી પરિવારનાં સહયોગથી શાળાનાં તમામ છાત્રોને તલ-મમરાનાં લાડવાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ સેવાકાર્યમાં સંસ્થાનાં દિનેશભાઈ ગોવાણી, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, મહેશભાઈ જીવરાજાની, રમેશ શીશાંગીયા, સહભાગી બનેલ શાળાનાં આચાર્ય વિજયભાઈ ઘાટલીયાએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.(૧.૧૨)

# માણાવદરમાં રઘુવીર યુવા ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

(જીગ્નેશ પટેલ દ્વારા)

માણાવદર, તા.૪

માણાવદર રઘુવીરપરામાં આવેલ મહેર સમાજ ખાતે સ્વ. મિલનકુમાર લખુભાઈ વાઢેરની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે રઘુવીર યુવા ગ્રુપ દ્વારા મહારક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો આ કેમ્પની અંદર ૨૪૦ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું.



મુખ્ય મહેમાન તરીકે માણાવદરના જાણીતા કેળવણીકાર જેઠાભાઇ પાનેરા, કરસનભાઈ સુત્રેજા, બચુભાઈ આંત્રોલીયા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે રઘુવીર યુવા ગ્રુપના મેરામણભાઈ ઓડેદરા, લખુભાઈ વાઢેર, કિશનભાઇ ઓડેદરા, હમીરભાઈ વાઢેર, લીલાભાઈ સુત્રેજા, રામભાઇ ભુતીયા, મહેશભાઈ ઓડેદરા વગેરેએ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

CMYK

### રાજકોટ મહાપાલિકાને વાલ્મિકી સમાજના અગ્રણીઓ દ્વારા અલ્ટીમેટમ

# કાયમી સફાઈ કામદારોની ભરતી કરો, નહીંતર આંદોલન

**ચાર વર્ષથી ભરતી થઈ નથી, અગાઉના મુખ્યમંત્રીની ખાતરીનું પાલન થયું નહીં**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

છેલ્લા ચાર વર્ષથી કાયમી સફાઈ કામદારોની ભરતી કરવામાં આવી ન હોય તે બાબતે અંતિમ ચેતવણી આપીને વાલ્મિકી સેનાના પ્રમુખ બટુકભાઈ પ્રેમજીભાઈ વાઘેલા અને શ્રી સત્ય હનુમાનજી સેવા ટ્રસ્ટના પ્રમુખ ચમનલાલ શામજીભાઈ પરમારે આંદોલનની ચીમકી આપી છે.

તેમણે જણાવ્યું કે, સને ૨૦૧૮માં વાલ્મિકી સમાજના સફાઈ કામદારોની રાજકોટ મહાનગરપાલિકામાં ભરતી બાબતે વાલ્મિકી સમાજના ધર્મગુરૂ ૧૪ દિવસની છાવણી નાખી ઉપવાસ - આંદોલન ઉપર બેઠેલા હતા. તે સમયે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ બાબતે મહાનગર પાલિકાના કમિશનરને સફાઈ કામદારોની ભરતી કરવા બાબતે સૂચના આપી હતી. પરંતુ આજદિવસ સુધી સફાઈ કામદારોની ભરતી કરવામાં આવી નથી.

એવું લાગે છે કે ધર્મગુરૂ સાથે છેતરપીંડી થઈ છે. અવારનવાર રજુઆતો કરવા છતાં આજદિન સુધી અધિકારીઓ, પદાધિકારીઓ અને સતાધારી પક્ષના નેતાઓને પણ રજૂઆત કરવા છતાં આ ભરતીનું પ્રકરણ પુરૂ કરવામાં આવ્યું જ નથી. અન્ય ડીપાર્ટમેન્ટમાં અવારનવાર ભરતીઓ થતી હોય.

ત્યારે સફાઈ કામદારની ભરતીમાં શું કામ રૂકાવટ આવે છે ? કોના કહેવાથી રૂકાવટ આવે છે ? જો આગામી દિવસોમાં સફાઈ કામદારોની ભરતી નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આ સાથે સફાઈ કામના કોન્ટ્રાકટ રદ કરવા, સફાઈ કામદારોની હાલના સેટઅપ મુજબ નવા વિસ્તાર મુજબ ભરતી કરવી, કોન્ટ્રાકટમાં કામ કરતા સફાઈ કામદારોના કોન્ટ્રાકટર અન સખી મંડળના રોજમાં તફાવત છે. રૂ.૧૫૮ અને રૂ.૧૨૦ નો તે એક સરખો કરવો, કોર્પોરેશનમાં જે કલાર્કની પરીક્ષા લેવામાં આવી તેમાં વાલ્મિકી સમાજના સફાઈ કર્મચારી પરીક્ષા પાસ કરેલ છે તેને પ્રમોશન આપવા, મુકાદમની જે જગ્યા ખાલી પડેલ છે. તેમાં સફાઈ કામદારોમાંથી પ્રમોશન દ્વારા સમાવેશ કરવો, કાયમી સફાઈ કામદારો પાસેથી બપોરના સમયે જે વેઠ પ્રથા છે તે બંધ કરવી અને નિયમ સફાઈ કામદારો પાસેથી ૮ કલાકમાં જે સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન આપી છે તે મુજબ એટલા ચોરસ મીટરનું કામ લેવું તેવી અંતમાં માંગણી કરી છે.

### રાજકોટ શહેર 'આપ' ના અધ્યક્ષ શિવલાલ પટેલનો આક્રોશ

# કાયદાનો અલગ-અલગ અર્થ ઘટનથી લોકો પરેશાન



**કોરોના ગાઈડલાઈનનો કોઈપણ ભેદભાવ વગર પારદર્શક અમલ કરાવવા માંગણી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ગુજરાતમાં કાયદાના અલગ-અલગ અર્થ ઘટનથી લોકો પરેશાન હોવાનો આક્રોશ ઠાલવીને રાજકોટ શહેર આમ આદમી પાર્ટીના અધ્યક્ષ શિવલાલ પટેલે કોરોના ગાઈડલાઈનનો કોઈપણ ભેદભાવ વગર પારદર્શક અમલ કરાવવા માંગણી કરી છે.

તેમણે જણાવ્યું છે કે, ગતીશીલ ગુજરાતમાં પદાધિકારી અને અધિકારીઓ દ્વારા દલા તરવાડીની નીતી અપનાવી આમ જનતા પોતાના સામાજીક , સાંસ્કૃતિક પ્રસંગોપાત કોઈપણ કામગીરી અંગે અધિકારીઓ દ્વારા એન કેન પ્રકારે કાયદાનો ડંડો ઉગામી દંડીત કરવામાં આવે છે વાહનોમાં એનકેન છે પ્રકારે તેમજ માસ્ક નહીં પહેરવામાં દંડીત કરવામાં આવે છે. અન્ય પ્રજા દ્વારા થયેલ સામાજીક, પારિવારીક, ધાર્મિક કે મનોરંજનના કાર્યક્રમોમાં પોતાની રીતે કરેલ હોય આવા સમાચાર માધ્યમ કે વિડીયોના માધ્યમથી પણ મળેલા ઉપર કાર્યવાહી કરી ફરિયાદ નોંધી દંડીત કરવામાં આવે છે.

એટલે ગુજરાતી કહેવત મુજબ દલા તરવાડીની નિતી અપનાવી અધિકારીઓ તથા પદાધિકારીઓની જાણમાં તથા સિધ્ધી નજર હેઠળ આવા કાર્યક્રમો થાય તેમ છતાં તેઓ ઉપર કોઈપણ પ્રકારની સામાન્ય કાર્યવાહી પણ થતી નથી.

આ ગતીશીલ ગુજરાતની દલા તરવાડીની નિતીને આમ આદમી પાર્ટી વખોડે છે અને ભારતીય બંધારણ મુજબ સમાન નાગરીકતાનો અધિકાર આપવામાં આવ્યો છે તે અનુસાર અન્ય પ્રજા ઉપર જે કાર્યવાહી કરવામાં આવે છે એ જ કાર્યવાહી અધિકારીઓ તેમજ પદાધિકારીઓ ઉપર પણ લાગુ પડે એવી માંગણી છે. અંતમાં રાજકોટ શહેર અધ્યક્ષ શિવલાલ પટેલે કરી છે.

# યુવા મહિલાઓ માટે નિદાન-સારવાર કેમ્પ યોજાયો





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ફેમીલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા રાજકોટ બ્રાંચ દ્વારા યુવા મહિલાઓ માટે ખાસ નિદાન સારવાર કેમ્પનું ડો.બી.આર. આંબેડકર પ્રાથમિક શાળા, આંગણવાડી કેન્દ્ર ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં ૫૦ યુવા મહિલાઓ તથા ૨૭ સ્કુલની તરૂણીઓએ લાભ લીધો હતો.

કેમ્પની શરૂઆતમાં ફેમીલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા રાજકોટ ઇન્ચાર્જ બ્રાંચ મેનેજર મહેશભાઈ રાઠોડ દ્વારા આજના કેમ્પનો હેતુ સ્પષ્ટ કર્યો હતો તથા સંસ્થાની સેવાઓ વિષે વિગતે વાત કરી હતી. આ ઉપરાંત તેમણે મહિલાઓને પોતાના સ્વાસ્થ્ય વિષે ધ્યાન દોરતા જણાવ્યું હતું કે સ્વાસ્થ્ય માટે સ્વાર્થી બનવું ફરજીયાત છે કારણ કે તંદુરસ્તી એ જીવનનો આધાર છે તથા પ્રજનન સ્વાસ્થ્યની વ્યાખ્યા કરતા જણાવ્યું હતું કે શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક, મનોજાતીય રીતે જે લોકો તંદુરસ્ત છે એ જ સંપૂર્ણ સ્વસ્થ છે તેમજ સૌને આજના કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

સંસ્થાના યુથ પ્રતિનિધી કુ.પાયલબેન રાઠોડ દ્વારા તમામ સેવાર્થીઓનું રજીસ્ટેશન કરવામાં આવેલ તથા સોનલબેન દેવાચાર્ય દ્વારા તમામનું વ્યકતિગત માહિતી લેવામાં આવેલ. તથા ડો.હિતારથીબેન વેગડા દ્વારા તમામનું નિદાન અને સારવાર સૂચવેલ. શિલ્પાબેન નિમાવત દ્વારા દવાનું વિતરણ કરવામાં આવેલ હતું.

### અસિત વોરાને બચાવવા ઈસુદાન ગઢવીને ભાજપે નિશાન બનાવ્યાનો ધારાસભ્ય વિરજી ઠુંમરનો આક્ષેપ

# પેપરલીક કાંડનો મુદ્દો ભુલાવી દેવા ભાજપની ગંદી રમતઃ વિરજી ઠુંમર



(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર, તા.૪

ગુજરાતમાં ચકચારી પેપરલીક કાંડનો મુદ્દો ભૂલાવી દેવા માટે ભાજપે ષડયંત્ર રસ્તને અસિત વોરાને બચાવવા ઈસુદાન ગઢવીને નિશાન બનાવ્યાનો લાઠી-બાબરાના ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે આક્ષેપ કર્યો છે. વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું છે કે, આવી જ રમત પેપરલીકના અપરાધીઓને બચાવવા લીકર રાજનિતી પાછળ દેખાઈ રહી છે. પેપરલીક પાછળ કોણ ? વારંવાર પેપર ફુટી જતા હોય તો સીસ્ટમ શું કરે છે? કોના લાભાર્થે રોજગાર વાંચ્છુ યુવાધનને હડફેટે ચડાવાય છે ? નૈતિકતાના ધોરણે અસિત વોરાનું રાજીનામુ નહી લેવાની બેશરમી કેમ? આવા સવાલો અચાનક જ બદલાઈ ગયા છે હવે કોણે પીધો ? કેટલો પીધો ? ક્યાંથી પીધો? પીધો કે નથી પીધો...! તરફ ફંટાઈ ગયા છે.

૮૬ હજાર યુવાનોનું ભવિષ્ય રોડી નાખનાર અસિત વોરા કરતા મોટો ગુન્હેગાર બનાવી ઈસુદાનને પ્રસ્તુત કરાવી દીધા. આખો મુદ્દો પેપરલીક જેવી ગંભીર સમસ્યાથી લીકરની માત્રા કેટલી તે બની ગયો. રોજગારીનો ટેસ્ટ એફ.એસ.એલ. ના ટેસ્ટ પાછળ છુપાવી દેવાયો. આ બદલાયેલી ચર્ચાનો લાભાર્થી ભાજપ સિવાય બીજુ કોઈ નથી આ હકીકત લોકોએ સમજવી પડશે. તેમ જણાવી ધારાસભ્ય વિરજીભાઇ ઠુંમરે ઉમેર્યુ છે કે, રાજનીતિ માં મતભેદ, વિચારભેદ કે અસહમતી વિરૂધ્ધ આટલી હલકી રાજનીતિએ જાહેરજીવનમાં સંકળાયેલા તમામ લોકો માટે ખતરાની ઘંટડી છે. બીજુ, દારૂ પીવા માટે ઈસુદાન ગઢવી પર ગાંધીના ગુજરાતની દુહાઈ આપી કાગારોળ મચાવનાર ભાજપે તેમના પ્રભાતસિહ ચૌહાણ તથા અન્યો જાહેરમાં દારૂની છોળો ઉડાડીને પાર્ટી કરતા તેમના સુરતના કોર્પોરેટરને અથવા વડોદરામાં સરકારી કામગીરીમાં જાહેરમાં નિર્વસ્ત્ર થઈ અડચણ ઉભી કરતા નગરસેવકને યાદ કરી લેવા જોઈએ. ગુજરાતના શહેરો અને ગલીઓમાં ચાલતા દારૂના અડ્ડાઓની સુધ લેવી જોઈએ. વગર સાબિતીએ છેડતી જેવા ગંભીર આરોપ મુકતા પહેલા કચ્છનો ભાજપના નેતાઓ દ્વારા કરાયેલો નલિયાકાંડ યાદ કરી લેવો જોઈએ. ટૂંકમાં, ગોળીથી નહીં મારી શકનાર ગાળોથી ખતમ કરવા માગે છે એવી જ માનસિકતા વિરોધીઓને ખતમ કરવા પાછળ છે. અસિત વોરાને બચાવવા આટલી નિમ્નકક્ષાએ પહોંચવાની મજબુરી પાછળ મોટા માથાઓની સંડોવણી હોવાની શંકા થવી સહજ છે. પેપરલીકનું પોતાનું પાપ ધોવા લીકર રેડવાની ભાજપી કરતૂત જગજાહેર થઈ છે. તેમ ધારાસભ્ય ઠુમ્મરે આક્ષેપમાં કર્યા છે.

# 'આત્મમંથન'

## તેરી અદાઓ પે મરતે હૈ હેટ તુજે હેટ હમ કરતે હૈ



(મમતા પટેલ-મુંબઈ)

વિચિત્ર લાગ્યું ને? ના, આ સુંદર ગીત હું જરાય ભૂલી નથી, જાણીબૂઝીને ઉલટું લખ્યું છે, તમને લાગશે જે અદા પર મરતાં હોઈએ એ જ વાતને હેટ કેવીરીતે કરી શકીએ? હે ને? પણ એવું હોય છે, બને છે.

૧) લતા ખૂબ અપ ટુ ડેટ રહેતી, ઓફિસમાં તૈયાર થઈને આવવામાં એને કોઈના પહોંચે, સેન્ડલથી લઈને પર્સ સુધી લગભગ બધું મેચિંગ અને અવનવું, હેર સ્ટાઇલ તો એની જ, દર વખતે કંઈક નવો જ લુક હોય, મમ્મીનાં લઘરવઘર અવતારને કારણે મમ્મી પપ્પાનાં ઝઘડાં જોઈને મોટો થયેલો પિયુષ લતા પર મરતો હતો, વાઈફ હોય તો આવી એવું વિચારીને પિયુષ યેનકેન પ્રકારે લતાને મનાવીને અપ ટુ ડેટ લતાનો પતિ બની બેઠો, આજે ચાર વર્ષ પછી સ્વ પ્રેમમાં જ મશગૂલ રહેતી લતાથી પિયુષ કંટાળી ગયો છે. વઘારથી ગંધાતા ગાઉનમાં ફરતી મા હવે પિયુષને વ્હાલી લાગવા લાગી છે.

૨) કોલેજનો પ્રોગ્રામ હતો, મનસ્વી 'મોરલી તો ચાલી રંગ રૂસણે રે, કોણ મનાવા જાય રંગ મોરલી..' ગીત પર ડાન્સ કરવાની હતી, કરણ જે મનસ્વી સાથે ભણતો પંજાબી યુવક છે એણે આ ગીતનો અર્થ પૂછ્યો ત્યારે મનસ્વી એ ખાસ રસ લઈને આખાં ગીતનો અર્થ એને સમજાવ્યો, આજે લગ્નના પાંચ વર્ષ પછી વારંવાર રૂસણે જતી મનસ્વી એ પંજાબી પુતરના નાકમાં દમ કરી દીધો છે, મનસ્વીનો મીજાજ હવે કરણના આત્મસન્માનની કસોટી કરી રહ્યો છે.

૩) એક વખત ઓફિસમાં ચર્ચા ચાલી, નિકુંજ બોલ્યો, 'આ પૈસા, વ્યવહાર રીત રિવાજ બધું ક્ષણિક હોય છે, મને તો આ બધામાં માથું મારવું ગમે જ નહીં' ઓફિસમાં નિકુંજ સાથે કામ કરતી નીપાને આ ખૂબ ગમ્યું, બન્ને પ્રેમમાં પડ્યા, ઘરનાં લોકોએ અને ઓફિસમાં કામ કરતાં મિત્રોએ ટોકી કે આ નિસ્ફિકરી વ્યક્તિ સાથે તને નહીં ફાવે પણ માને એ બીજા.., ઉપરથી નીપાએ નિકુંજને 'અલગારી ઓલિયો' એવું નામ પણ આપ્યું. હવે નીપા અને નિકુંજ એક બાળકનાં માતા-પિતા છે, બાળકનાં ઉછેરથી અને ઘર સંસારની માથાકૂટ થી પોતાની જાતને પરે રાખતો નિકુંજ હવે ઘરમાં અને બાળકમાં ધ્યાન આપે એવું નીપા ઈચ્છે છે પણ પેલો અલગારી ઓલિયો માને તો ને..

૪) નયના નવી નવી સોસાયટીમાં રહેવા આવી હતી, પડોશમાં રહેતો દિપક વાત વાતમાં કોઈ પણ મુદ્દે ઉગ્ર થઈ જતો, એનાં મુદ્દા એટલાં સરસ હોય કે એનું ઉગ્ર થવું વ્યાજબી લાગે, સોસાયટીની દિવાલ પર મૂત્ર વિસર્જન કરતાં વોચમેનને તો ફટકારી જ કાઢ્યો, નયનાને આ યંગ એન્ગ્રી મેન ગમી ગયો અને જીદ કરીને એ દિપકને પરણી, આજે વાતે વાતે અવાજ ઉંચો કરતો અને ધોલધપાટ પર ઉતરી આવતો દિપક નયનાને દીઠો નથી ગમતો, હવે એને સમજાયું છે કે બીજાને અપમાનિત થતાં જોવાં અને જાતે અપમાનિત થવામાં ફરક હોય છે.



૫) છોકરીઓ યુઝવલી રાજકારણ અને સમાજસેવાથી દૂર રહેતી હોય છે પણ ઈલા એવી નહોતી, એ તો બધે જ આગળને આગળ, ઈલાના આ સ્વભાવથી પ્રભાવિત થયેલો દર્શન એની પાછળને પાછળ.. લગ્નને બે વર્ષ થઈ ગયાં છે, ઈલાની વધતી જતી સામાજિક પ્રવૃત્તિઓ ને કારણે દર્શન હવે સાવ પાછળ રહી ગયો છે, એને સીધી સાદી ઘરરખ્ખુ પત્નિ જોઈએ છે, ક્યાંથી મળે?

તો મિત્રો, જાણી જોઈને લવને બદલે હેટ લખીને ફક્ત એટલું જ કહેવા માગું છું કે સીક્કા ની બીજી બાજુ પણ હોય છે જે આપણે એક બાજુ જોવામાં નજર અંદાજ કરી દેતાં હોઈએ છીએ..

કાલ સુધી જે સંમોહનનાં કારણો હતાં એ જ આજે વિચ્છેદનાં કારણો બની શકે, બીજા પર થતાં અખતરાં જ્યારે પોતાના પર થાય ત્યારે ખતરા સમાન લાગે આ સ્વભાવિક છે અને એટલે જ જે ગુણોને લવ કરતાં હોઈએ એ ગુણોને સમય જતાં હેટ કરતાં થઈ જઈએ એવું બને.

આત્મમંથન અનિવાર્ય..

# સ્પોર્ટ્સ યુનિ.માં કુલપતિ શૂટિંગ એકેડમીની મુલાકાતે



**સુરતમાં નેશનલ રિનાઉન્ડ શૂટર્સને પ્રોત્સાહિત કર્યા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સુરત, તા.૪

સ્પોર્ટસ યુનિ. ના કુલપતિ ડો.અર્જુનસિંહ રાણાએ સુરતની ટાર્ગેટ રાઇફલ શૂટિંગ એકેડમીની રૂબરૂ મુલાકાત લઇ નેશનલ રિનાઉન્ડ શૂટર્સને પ્રોત્સાહિત કર્યા.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટીના કુલપતિ ડો.અર્જુનસિંહ રાણાએ સુરતની લેન્સર્સ આર્મી સ્કૂલમાં સ્થિત ટાર્ગેટ રાઇફલ શૂટિંગ એકેડમીની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ સાથે તેમણે ૬૪મી ઓલ ઇન્ડિયા નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપમાં રિનાઉન્ડ થયેલા અને ટિમ ઇન્ડિયાની સિલેક્શન ટ્રાયલ્સ માટે સિલેક્ટ થયેલા તમામ નિશાને બાજોને આગળ વધવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. આ ઉપરાંત ડો.રાણાએ એકેડમીના સંચાલક વિમલ રાજ્યગુરૂ અને દિવ્યેશ ગેડિયા તેમજ કોચ સાઈ ચેવલી સહિત એકેડમીના અન્ય શૂટર્સ સાથે પણ મુલાકાત કરી અને એકેડમીના તમામ નિશાનેબાજો શૂટિંગ ક્ષેત્રમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરીને વૈશ્વિ કસ્તરે સમગ્ર ગુજરાત રાજ્યનું નામ રોશન કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

વધુમાં ૬૪મી ઓલ ઇન્ડિયા નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપમાં રિનાઉન્ડ થયેલા તમામ શૂટર્સને એકેડમી દ્વારા તૈયાર કરવામાં આવેલા સન્માનપત્ર આપી ડો.રાણાએ તેમનો જુસ્સો વધાર્યો હતો.

# ડાંગમાં આદિવાસી ટેલેન્ટ મેગા ઈવેન્ટ કાર્યક્રમ યોજાયો

(બાપુ મહાલા દ્વારા)

ડાંગ, તા.૪



નેહરૂ યુવા કેન્દ્ર ડાંગ અને હ્યુમન અલાયન્સ ચેરીટેબલ ટ્રસ્ટનાં ઉપક્રમે ડાંગનાં કાલીબેલ આશ્રમ શાળા ખાતે ગુજરાતનું દ્વિતીય અને દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું આદિવાસી કલાકારોને એક મંચ પર લાવતું

આદિવાસી ટેલેન્ટ મેગા ઇવેન્ટ કલા અને સાંસ્કૃતિક લાઈવ કોન્સર્ટનું આયોજન કરવામા આવ્યુ હતુ.સમગ્ર કાર્યક્રમમાં ડાંગ, સુરત, તાપી, નવસારી, નર્મદા, જિલ્લાનાં આદિવાસી સમાજનાં પ્રતિભા શાળી કલાકારો અને ડાંગનાં સ્કેચ આર્ટિસ્ટ સુરેશભાઈ ચૌધરી અરવિંદભાઈ કાનત તેમજ ડાંગ નાં વિવિધ પ્રવાસન સ્થળોનાં ફોટોગ્રાફ અને વાધ્યોની જાળવણી કરનાર વઘઈ કોલેજનાં પ્રાધ્યાપક યોગેશભાઈ ચોધરી દ્વારા આર્ટ ગેલેરી અને વારલી આર્ટ પ્રદર્શન પણ રાખવામાં આવ્યુ હતુ. પરંપરાગત વાદ્યો, યોગા, સંગીત, રેપ, બેન્ડ, મિમક્રી, અને રકસ એવેન્યુ રેડિયોનાં સંચાલક ડી.જે આર્ટીફિક્સ વિમલ કેવલ અને મ્યુઝિક ધર્મા દ્વારા ખુબજ અદ્ભુત કૃતિ રજૂ કરી દક્ષિણ ગુજરાતમાંથી આવેલ તમામ દર્શકોનું મન મોહી લીધું હતું.

### સ્વતંત્રતાનાં અમૃત મહોત્સવ અંતર્ગત

# ૨૬ જેટલા પ્રોગ્રામમાં સાયન્સ ફેરનું આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

**૩૮૦ થી વધુ વિદ્યાર્થીએ લીધો ભાગ**

ગુજરાત વિજ્ઞાન સંમેલનના ઉપક્રમે અમૃત મહોત્સવમાં ૨૬ જેટલા પ્રોગ્રામ થવાના છે. જેમાં એક વિષય સાયન્સ ફેરનું આયોજન થયેલું વિજ્ઞાન દોડમાં ૩૮૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ ખૂબ સરસ રીતે કાર્યક્રમની પૂર્ણાહુતિ થયેલ હતી.

# આહવાની સરકારી કોલેજમાં આપતી વ્યવસ્થાપન કાર્યક્રમ

(બાપુ મહાલા દ્વારા)

ડાંગ, તા.૪



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે એસ.આર.સી સમિતિ એન.એસ.એસ વિભાગ અને એન.સી.સી વિભાગ અંતર્ગત આચાર્ય ડો યુ.કે.ગાંગુર્ડેનાં માર્ગદર્શનમાં કુદરતી આપત્તિ વ્યવસ્થાપન અંગે એક જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ વડોદરા ૬ ની ટીમ અને તેના ઇન્સ્પેક્ટર રાકેશ ટેલર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં ખાસ કરીને આગ લાગવી,નદીમાં પૂર આવવો, વાવાઝોડુ વગેરે જેવી આપત્તિઓનાં સમયે બચાવ અને રાહતકાર્ય કેવી રીતે કરવું તે અંગેની ઝીણવટપૂર્વક માહિતી રાકેશ પટેલે આપી હતી.તેમની ટીમે પ્રત્યક્ષ નિદર્શનનું પણ આયોજન કર્યું હતુ. આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના તમામ વર્ગના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓની હાજરી આપી હતી.આ ઉપરાંત કોલેજના સમગ્ર સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસઆરસી સમિતિના અધ્યક્ષ અજીતભાઈ પટેલે કર્યું હતુ.

# ભાવનગર સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

**વિદ્યાર્થીઓને રસીકરણ રથ દ્વારા માહિતગાર કરાયા**

ગઈકાલથી જોરશોરથી કિશોરો માટેની રસીકરણ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલુ છે. જેમાં ૧૫ થી ૧૮ વર્ષના કિશોરી માટે આયોજન સરકાર દ્વારા થયેલું છે. ત્યારે જ ભાવનગર ચિત્રા ખાતેના નિર્ભય સોસાયટી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે વિદ્યાર્થીઓને રસીકરણ રથ દ્વારા માહિતગાર કરાયા અને ડો.અજયસિંહ જાડેજા દ્વારા વિદ્યાર્થીને સમજાવાયું કે રસીકરણથી કોઈએ ડરવાની જરૂર નથી.

# વડિયાના સુરગવાળા હાઈસ્કુલના બાળકો માટે મેગા વેક્સિનેશન કેમ્પ યોજાયો





**૧૫ વર્ષથી ઉપરના બાળકોને વેક્સિન અપાઈ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

સમગ્ર ગુજરાતમાં ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને વેક્સિન આપવા માટે વેક્સિનેશન કેમ્પનું ગઈકાલથી આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત પ્રથમ દિવસે જ અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાની સુરગવાળા સાર્વજનિક હાઈસ્કુલ ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીને કોરોના સામે રક્ષણ આપવા માટે રસીકરણ કેમ્પ આરોગ્ય વિભાગ દ્વારા યોજાયો હતો. આ કેમ્પમાં આરોગ્ય વિભાગના અરૂણાબેન સોંદરવા, દિપક બસીયા, નરેન્દ્ર સરવૈયા, અનિરૂધ્ધ બસીયા આશાવર્કર બહેનો અને શાળાના શિક્ષકો દ્વારા તમામ બાળકો રસીકરણ કરાવે તેઓ પ્રયાસ કર્યો.

CMYK

**શરદી કા મૌસમ બડા સુહાના લગે, ૨૦ ફીરકી ચુરાલું અગર બુરા ના લગે..!!**

# ૨૦ ચાઈનીઝ દોરીની ફીરકીથી થોરાળા પોલીસની પતંગ ~~ઉડશે..!?~~ કપાશે..!?

## બાપા સીતારામ સોસાયટીથી થોરાળા પોલીસ સ્ટેશન સુધીમાં ૧૭ ટકા ફીરકા ગાયબ થઇ ગયા??: અનેક તર્ક-વિતર્ક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

મકરસંક્રાતિ પર્વને હવે ગણતરીનાં જ દિવસો બાકી છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ દ્વારા એક જાહેરનામુ બહાર પાડી અમુક પ્રતિબંધો જાહેર કરવામાં આવ્યા છે. શહેરીજનોની સુરક્ષાને ધ્યાનમાં લઈને ઉતરાયણ નિમિતે ખાસ જાહેરનામુ પણ બહાર પાડવામાં આવ્યું છે. મકરસંક્રાતિનાં દિવસે જોખમી ધાબા પરથી પતંગ ઉડાવવા અને ચાઇનીઝ દોરી અને તુક્કલ વેચવા કે ઉપયોગ કરવા પર પણ પ્રતિબંધ જાહેર કર્યા છે. આ જાહેરનામાનું પાલન કરવા શહેર પોલીસ એકશનમાં આવી ગઈ છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

જાહેરનામાનું પાલન કરાવવાની કાર્યવાહી મુજબ થોરાળા પોલીસ સ્ટેશનનાં પી.આઈ બી.એમ.કાતરીયાનાં માર્ગદર્શન હેઠળ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન પો.કોન્સ જયદીપસિંહ ઝાલા તથા અમરદીપસિંહ જાડેજાની હકીકતને આધારે બાપા સીતારામ સોસાયટી શેરી નં.૫ નાં ખૂણે ચારબાઈ મંદિર પાસે આવેલ આશાપુરા જનરલ સ્ટોર સામે બે પ્લાસ્ટિકનાં કોથળામાંથી ગોપાલભાઈ ચનાભાઈ થોરીયા (ઉ.વ.૫૧) ને ૧૦૦ નંગ ચાઇનીઝ ફીરકી કિ.રૂ. ૨૦ હજાર સાથે પકડી પાડી જાહેરનામા ભંગનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કામગીરીમાં પી.એસ.આઈ એ.એલ.બારસીયા, પો.કોન્સ જયદીપસિંહ ઝાલા, અમરદીપસિંહ જાડેજા તથા પૃથ્વીરાજસિંહ ચુડાસમા જોઈ ગયા હતા.

આ ઘટના બન્યા બાદ એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકોટ શહેર થોરાળા પોલીસની ટીમે રેડ પાડીને ૧૦૦ ચાઇનીઝ ફીરકી પકડી પાડી હોવાની વાત બહાર પાડી છે. પણ હકીકત કંઇક અલગ જ છે. પકડાયેલા આરોપી ગોપાલભાઈનાં આક્ષેપ પ્રમાણે આ ફીરકી ૧૨૦ હતી. પણ પોલીસે ૧૦૦ ફીરકીઓનો જ ગુન્હો નોંધતા અનેક તર્ક-વિતર્કો સર્જાઈ ઉઠ્યા છે. ૨૦ ફીરકી ક્યાં ગુમ થઇ ગઈ તે ચર્ચાએ જોર પકડ્યું છે. આ અંગે પીએસઆઈ બારસીયાનું કહેવું એવું છે કે, રેડ દરમ્યાન ૧૦૦ ફીરકીઓ જ પકડવામાં આવી હતી. આરોપી દ્વારા ખોટા આક્ષેપો થતા રહેતા હોવાથી એ વાત માની શકાય નહીં. પણ પ્રશ્ન એ જ થાય કે થોરાળા પોલીસની વાત કેમ માની લેવાય કે ૧૦૦ જ ફીરકીઓ હતી.? બાપા સીતારામ સોસાયટીમાંથી થોરાળા પોલીસ સ્ટેશન સુધી પહોંચતા ૧૭ ટકા ફીરકા ગાયબ કઈ રીતે થઇ ગયા એ વાત કોઈના મગજમાં બેસતી નથી!!. હવે પોલીસ અને આરોપીમાંથી સાચું કોણ એ નક્કી કરવું પણ અઘરું બની ગયું છે. પણ જો સત્ય હકીકત બહાર આવશે તો ૨૦ ચાઇનીઝ દોરાની ફીરકીથી થોરાળા પોલીસની પતંગ ઉડશે કે કપાશે!!

તે પણ ચર્ચાનો વિષય છે. હાલમાં તો સત્ય શું છે તે અકબંધ છે. પણ આ ગાયબ ૨૦ ફીરકીની ઢીલ થોરાળા પોલીસ આપશે કે કેમ એ પણ જોવાનું રહ્યું!!. આ ઘટના બનતા આક્ષેપો પ્રતિ આક્ષેપો શરૂ થઇ ગયા છે. પણ સત્ય શું છે. એ તો આરોપી અને થોરાળા પોલીસ જ જાણે. આ ઘટનાની ઉપલા લેવલે જો નોંધ લેવાઈ તો હજુ પણ ૨૦ ફીરકીનું રાઝ બહાર આવી શકે તેમ છે. પણ થોરાળા પોલીસ દ્વારા આ ૨૦ ફીરકી ઓછી બતાવવાનું કારણ શું? તે હજુ નક્કી કરી શકાય તેમ નથી. પણ આ ઘટના બનતા અનેક રમુજ ફેલાઈ છે. લોકો દ્વારા અનેક ટુચકા પણ મુકવામાં આવતા હોય છે. શરદી કા મૌસમ બડા સુહાના લગે, ૨૦ ફીરકી ચુરાલુ અગર બુરા ના લગે..! આવી રમુજ ફેલાઈ ઉઠી છે. હવે આગામી દિવસોમાં આ અંગે સત્ય બહાર આવશે કે ૨૦ ફીરકીથી થોરાળા પોલીસની પતંગ … જોવાનું રહ્યું. (૪.૧૨)



### ૧૨૦ ફીરકા પોલીસ લઇ ગયાનું આરોપીનું રટણ: આરોપી તો આક્ષેપ કર્યા કરે બાકી ૧૦૦ જ ફીરકા હતા: પીએસઆઈ બારસીયા

### ૨૦ ચોરાયેલ ફીરકીથી કોણ ધાબે ચડી પતંગ ઉડાડશે??



રાજકોટ: થોરાળા વિસ્તારમાંથી ગઇકાલે એક આરોપી પાસેથી ૧૦૦ જેટલા ચાઇનીઝ ફીરકાઓ પકડી પાડવામાં આવ્યા હતા હવે આ પકડતા એ વાત બહાર આવી છે કે પોલીસે આરોપી પાસેથી ૧૨૦ ફીરકા લઇ ગઇ હતી અને જાહેર ૧૦૦ જ ફીરકા કર્યા છે તે લોકોના મનમાં એ પ્રશ્ન છે કે ચોરાયેલા ૨૦ ફીરકા ક્યા ગયા?? આ ચોરાયેલ ફીરકાથી કોણ ધાબે ચડી પતંગ ઉડાવશે એ ચર્ચાએ પણ જોર પકડ્યુ છે. સત્ય શુ એ તો હવે પોલીસ અને આરોપી જ જાણે છે.

## રાજકોટના ચકચારી નકલી માર્કશીટ બનાવવાનાં કૌભાંડમાં મુખ્ય આરોપીને જામીન પર મુકત કરતી સેશન્સ કોર્ટ

### કોઇ વિદ્યાર્થીઓ બોગસ ડોક્યુમેન્ટનો લાભ મેળવી વિદેશ ગયેલ નથી: એડવોકેટ ગૌરાંગ ગોકાણીની ધારદાર દલીલ



એડવોકેટ: ગૌરાંગ ગોકાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

શહેરના વિધાનગર મેઈન રોડ, પુર્ણિમાં એપાર્ટમેન્ટમાં રહેતા મુખ્ય અરજદાર/આરોપી પારસ અશોકકુમાર ખજુરીયા રહે. પુર્ણિમાં એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૪૦૨, વિધાનગર મેઈન રોડ , વાળાને રાજકોટ સેશન્સ કોર્ટે દ્વારા રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો.

આ કામની ટૂંકી હકીકત એવી છે કે આ કામના ફરીયાદી તથા તેમનો પોલીસ સ્ટાફ તા . ૧૬/૧૧/૨૦૨૧ ના રોજ પેટ્રોલીંગમાં હોય અને તેઓને ખાનગી રાહે બાતમી ગળેલ હોય કે શહેરના ટાગોર રોડ , વિરાણી ચોકની પાસે ઉપરોકત કોભાંડના એક આરોપી પારસ અશોકકુમાર ખજુરીયા કે જેઓ અમદાવાદની એક કન્સલ્ટન્સીમાં કામ કરતા હોય અને તેઓ તેમની કંપની વતી તથા પોતે નકલી માર્કશીટ બનાવી અને તે બધી માર્કશીટો બહાર ની મોટી યુનિવર્સિટીની માર્કશીટો બનાવી તેમના વિધાર્થી કલાઈન્ટોને વિદેશ જવાના પી.આર. ની સગવડ ૧૦ કરી આપી આપતા હોય અને તેઓને તે પેટે રૂા. ૩૫ થી ૪૦ હજારનુ કમીશન મળતુ રહેતુ હતુ. જેથી આ કામના ઉપરોકત આરોપી પારસ અશોકકુમાર ખજુરીયાએ આ કામના ઉપરોકત આરોપી તથા તેમની કન્સલ્ટન્સી કંપનીનો સંપર્ક કરી પોતાના વિદેશ જવા માટે પોતાના નામનુ ડો. ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીનુ એમ.બી.એ. ડીગ્રીનુ ખોટુ બોગસ સર્ટીફીકેટ આ કામના આરોપી પારસ તથા ફસ્ટ સ્ટેપ કંપની સાથે સંકળાયેલ માણસો પાસે બનાવડાવેલ હતુ . તથા આ કામનો આરોપી પારસ આ બોગસ સર્ટીફીકેટો આ કામના અન્ય આરોપી દર્શન કોટક પાસે બનાવડાવતો હતો. જેથી આ સંપૂર્ણ કોભાંડની આ કામના ફરિયાદી તથા એસ.ઓ.જી.સ્ટાફને જાણ થતા તથા તેની તપાસ કરતા રાજય શહેરે એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા આ કામના અન્ય આરોપીઓની ધરપકડ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ કરી રોજી આરોપી સામે ફરીયાદી દ્વારા શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નં. ૧૧૨૦૮૦૫૫૨૧૦૩૪૫/૨૦૨૧ થી ખોટા ડોકયુમેન્ટ બનાવવાનો ગુનો દાખલ કરવામાં આવેલ હતો.

આ કામના મુખ્ય આરોપી પારસ અશોકકુમાર ખજુરીયાની ધરપકડ થયેલ હોય જેથી તેઓ દ્વારા તેમના એડવોકેટ ગૌરાંગ પી.ગોકાણી મારફત રાજકોટ સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી. એ અરજીમાં આરોપીના વકીલની ધારદાર દલીલો તથા દાર સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓને ગ્રાહય રાખીને તથા સરકારી વકીલઓની (૧૩) દલીલોને ધ્યાને લઈને નામા ૨ રાજકોટ સેશન્સ કોર્ટ ધ્વારા ઉપરોકત આરોપીને રૂ .૨૦,૦૦૦ ના રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો. આ કામમાં આરોપી વતી રાજકોટ યુજી ધારાશાસ્ત્રી ગૌરાંગ પી.ગોકાણી તથા વૈભવ બી. કુંડલીયા રોકાયેલ હતા.

## રાજકોટમાં સિક્યુરીટી ગાર્ડના આપઘાત પાછળ ડિપ્રેશન

### પરિવારજનોની તપાસમાં ખુલતી વિગતો સતત તનાવમાં રહેતો હોવાનું જાહેર, વધુ તપાસ ચાલુ

રાજકોટ, તા.૪

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ અયોધ્યા ચોક નજીક શિવસાગર એપાર્ટમેન્ટમાં રહેતા પરેશભાઈ જોશી નામના પ્રૌઢે ૧૨ બોરના જોટામાંથી ફાયરિંગ કરી આત્મહત્યા કરી લીધાની ઘટના સામે આવી છે. પોલીસ તપાસમાં પરેશભાઈ ડિપ્રેશનમાં રહેતા હોવાનું ખુલ્યું છે. દાઢી નીચે ૧૨ બોરના જોટાને રાખી ફાયરિંગ કરતા ખોપરી સુધી ચીરા પડી ગયા હતા. બનાવના પગલે યુનિવર્સિટી પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર અયોધ્યાચોક નજીક આવેલા શિવ સાગર એપાર્ટમેન્ટના બીજા માળે રહેતા પરેશભાઈ ગોરધનભાઈ જોશી (ઉં.વ.૫૧) નામના પ્રૌઢે પોતાની ૧૨ બોર જોટાવાળી બંદૂકથી દાઢીના ભાગે નીચે ભડાકો કરી આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. બનાવની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.



પોલીસની તપાસમાં મૃતક સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હોવાનું અને ડિપ્રેશનમાં રહેતા પોતાની પાસે રહેલી ૧૨ બોરની જોટાવાળી બંદૂકથી દાઢીના નીચેના ભાગે ગોળી મારી લેતા મોઢાથી ખોપરીના ભાગ સુધી ચીરા થઈ જતા કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

## જસદણ હવેલીમાં ગુંસાઈજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ તા.૪

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની શ્રી ગોવર્ધનનાથજીની તથા શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં તાજેતરમાં ગુંસાઈજી વિઠલનાથજીનો પ્રાગટય મહોત્સવ ભવ્યતાથી ઉજવવાયો હતો.

આ પ્રસંગે હવેલીમાં નંદ મહોત્સવ, રાજભોગ દર્શન, આરતી વગેરે યોજાયા બાદ મહિલા મંડળના મોટી સંખ્યામાં સભ્ય બહેનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કિર્તનીયા ચંદ્રકાંતભાઈ બાબરીયા, ભુપેન્દ્રભાઈ ધારૈયા, ચંદુભાઈ વદોદરિયા સહિતના લોકોએ કિર્તનની રમજટ બોલાવી હતી. જસદણ હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટીઓ ભરતભાઈ ધારૈયા, ભરતભાઇ જનાણી, અશોકભાઈ મહેતા, હસુભાઈ ગાંધી, બટુકભાઈ તન્ના, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ બાબરીયા અને કમલેશભાઈ ચોલેરા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, સહમંત્રીઓ નિલેશભાઈ રાઠોડ તથા સાગરભાઈ દોશી સહિતનાં લોકોએ જહેમત ઉઠાવી હતી.


**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સંપર્ક: મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.


## સરદાર બાગ નજીક રહેતા આધેડે ઝેરી દવા પી લેતા મોત

મોરબી: શહેરના શનાળા રોડ સરદારબાગ પાછળ આવેલી ન્યુ આદર્શ સોસાયટીમાં રહેતા વસંતભાઈ નાનજીભાઈ રાજપરા નામના ૫૩ વર્ષીય આધેડે તેઓના ઘેર તા.૩૦ ના ઝેરી દવા પી લેતાં તેમને મોરબી બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા.જયાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજયું હતું. એ ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ જે.એ.ઝાલાએ બનાવ અંગે નોંધ કરીને બનાવના કારણ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

## માળીયામાં રહેણાંક મકાનમાંથી ૨૦૨ બોટલ દારૂના જથ્થા સાથે એક પકડાયો

મોરબી: માળીયા તાલુકા પોલીસે બાતમીના આધારે માળીયા ટેલીફોન એક્ષેન્જ પાછળ રહેણાક મકાનમાં દારૂની રેડ કરી હતી ત્યારે આરોપી સમીર ઇબ્રાહીમભાઇ કટીયા મીયાણા (ઉ.૨૩) ની દારૂની મોટી ૧૦૮ અને નાની ૯૪ કુલ ૪૯,૯૦૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરેલ છે આ કામગીરી પીએસઆઈ એન.એચ.ચુડાસમા, ક્રિપાલસિંહ ચાવડા, વિશ્વરાજસિંહ ઝાલા, સંજયભાઇ રાઠોડ, મહેન્દ્રસિંહ ચુડાસમા, ભગીરથસિંહ ઝાલા અને યુવરાજસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

## રાજકોટ ક્રાઈમ

### યુવક ઉપર પિતા - પુત્રનો હુમલો

રાજકોટ: શહેરની આજી ડેમ ચોકડી પાસે આવેલ ભીમરાવનગરમાં રહેતા અને મજુરી કરતા વિદ્યાસાગર રવીન્દ્રપ્રસાદ પાશ્વાન ગત રાત્રે ઘર પાસે હતો ત્યારે પડોશમાં રહેતા રવી પોપટભાઈ રાતડીયા અને તેના પિતા પોપટભાઈ રાતડીયાએ નજીવી બાબતે ગાળો ભાંડી, ફડાકા ઝીકી ઢીકાપાટુનો માર મારી લાકડાના ધોકાથી માર મારતા બંને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ થતા હોસ્પિટલે ખસેડાયો હતો આ અંગે આજી ડેમ પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કર્ફ્યુ ભંગ સબબ વધુ ૨૨ સામે ગુનો નોંધાયો

રાજકોટ: શહેરમાં કોરોનાના કેસો અટકાવવા રાત્રી કરફ્યુની કડક અમલવારી કરાવવામાં આવી રહી છે ત્યારે પોલીસે વધુ ૨૨ શખસો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. જેમાં એ ડિવિઝન પોલીસે ૪, બી ડિવિઝન પોલીસે ૪, ભક્તિનગર પોલીસે ૪, પ્રનગર પોલીસે , ગાંધીગ્રામ પોલીસે ૩ અને યુનિવર્સિટી પોલીસે ૬ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી છે.

### મેચ ઉપર આઈડીમાં સટ્ટો રમતી ત્રિપુટી ઝડપાઈ

રાજકોટ: શહેરમાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે ડીસીબીની ટીમે મોરબી રોડ જકાતનાકા પાસે દરોડો પાડી ફોનમાં ઓસ્ટ્રેલીયામાં ચાલી રહેલ બીગ બેશ લીગ મેચ ઉપર આઈડી ઉપર ક્રિકેટ સટ્ટો રમતા મુકેશ મુંગરા, કિશોર જમોડ અને રમેશ સિંધવને દબોચી લઇ રોકડ , ૩ ફોન સહીત ૫૦,૦૮૦ નો મુદામાલ કબ્જે કર્યો છે.

### કર્ફ્યુ ભંગના કેસમાંથી છૂટી રીક્ષા લેવા ગયેલા યુવક પર છરીથી હુમલો

રાજકોટ: શહેરના ભોમેશ્વર પ્લોટમાં રહેતા રિક્ષાચાલક મહમદ યુસુફ શમા (ઉ.વ.૨૬) નામનો યુવાનની ગત રાત્રે કર્ફ્યુ ભંગ સબબ ગુનો નોંધી એ ડિવિઝન પોલીસે ધરપકડ કરી હતી બાદમાં જામીન ઉપર મુક્ત થઈને બસ સ્ટેન્ડ પાછળ પાર્ક કરેલી રીક્ષા લેવા ગયો ત્યારે અહીં શુકામ રીક્ષા રાખી છે તેમ કહી સાત જેટલા શખસોએ છરી ઝીકી, ઢીકાપાટુનો માર મારતા હોસ્પિટલે ખસેડાયો હતો. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### રજૂઆત કરવા ગયેલા વાલી ઉપર DPS સ્કૂલના ડ્રાયવરનો હુમલો

રાજકોટ: શહેરના કોઠારિયાના દર્શન પાર્કમાં રહેતા અશોકભાઈ ચકુભાઈ સોલંકી ઉ .૫૦ હરીપર પાળ ગામે આવેલી દિલ્હી પબ્લિક સ્કુલ ખાતે ગયા ત્યારે સ્કુલ બસના ડ્રાયવરે ઢીકાપાટુનો માર મારતા તેને હોસ્પીટલે ખસેડાયો હતો અશોકભાઈએ જણાવ્યું હતું કે તેનો પુત્ર આ સ્કુલમાં અભ્યાસ કરે છે પરંતુ બસ ડ્રાયવર ક્યારેક ઘરથી દુર બસ ઉભી રાખે અથવા તો તેના પુત્રને લીધા વિના જ જતો રહે છે તે બાબતે રજૂઆત કરવા જતા માર માર્યો હોવાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે .

### ૨૬ હજારના દારૂ સાથે બુટલેગરની ધરપકડ કરાઈ

રાજકોટ : શહેરમાં દારૂ જુગારના કેસો કરવાની સૂચના અન્વયે તાલુકા પીઆઇ જે વી ધોળા અને ટીમે બાતમી આધારે પુનિતનગરથી વાવડી ગામના રસ્તા ઉપર વોચ ગોઠવી રીક્ષા સાથે એક શખ્સને અટકાવી નામઠામ પૂછતાં પોતે વિનોદનગર આવાસ ક્વાર્ટરમાં રહેતો જતીન હંસરાજભાઈ મકવાણા હોવાનું જણાવતા રિક્ષાની જડતી લેતા અંદરથી ૨૬,૧૦૦ ની કિંમતનો ૫૧ બોટલ દારૂ મળી આવતા ગુનો નોંધી ધરપકડ કરી રીક્ષા સહિત ૯૬,૧૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મ.ન.પા. તંત્ર ગાયમાતાની દેખભાળ રાખે: ગૌ પ્રેમીઓની માંગ

### દુઝણી અને વાછરડા વાળી ગાયોને છોડી મૂકવા માંગ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૪

મ.ન.પા. તંત્રી દ્વારા ગાયમાતાને પકડી ઢોર ડબ્બામાં ક્રુરતાં આચરવામાં આવતી હોવાનાં આક્ષેપો સાથે ગૌપ્રેમીઓ મ.ન.પા. કચેરીએ સોમવારે ગાયમાતાની સારી રીતે દેખભાળ કરવા બાબતે રજૂઆત કરવા દોડી આવેલ અને મ્યુ. કમિશનરને આવેદન પત્ર પાઠવ્યું હતું.

આ આવેદનમાં ગૌપ્રેમીઓએ આક્ષેપો સાથે જણાવ્યું હતું કે રા. મ્યુ. કોર્પો. દ્વારા રસ્તા ઉંપર આવતા ગૌમાતા અને પકડવામાં આવે છે. ત્યારબાદ તેને ડબ્બામાં પુરી દેવામાં આવે છે. ટ્રાફીક નડતરરૂપ સમજી શકાય છે, પકડવામાં આવે. પ્રશ્ન એ છે કે જયાં તેમને રાખવામાં આવે છે, તે જગ્યાએ રોજ રોજ ૫-૬ ગૌમાતાના મોત થાય છે. બિમાર ગૌમાતાને પુરતી સારવાર મળતી નથી, નાના વાછરડુંને પણ કોઇ દેખરેખ નથી, ગર્ભવતી ગાયોની પણ કોઇ દેખરેખ નથી, બીમાર અશકતા ગૌમાતાની પણ સારવાર થતી નથી.

આવી પરિસ્થિતિમાં રોજના ૫-૬ ગૌમાતા મૃત્યુ પામે છે. ઘાસ જે ખવડાવવામાં આવે છે તે પણ સાવ નબળી કક્ષાનું છે. ગાયો સરખું ઘાસ ન મળવાના કારણે મેડીકલ સહાય ન હોવાને કારણે બીમાર પડે છે અને તેમનું મૃત્યુ થાય છે. જયારે પકડાયેલ ગાય માતાને છોડાવવાનો ચાર્જ રૂા. ૨૫૦૦ અને ખોરાકી રૂ.૪૦૦ થી વધુ વસુલ કરો છો. શું તમે રૂ. ૪૦૦નું ઘાસ ગાયદીઠ આપો છો? રૂા. ૨૫૦૦ દંડ લો છો તેની સારવાર સુવિધા છે ત્યાં?

દુઝણી, નાના વાછરડુ ઘરે છે તેવી ગાય માતાને યોગ્ય કાર્યવાહીથી છોડી મુકવામાં આવે અથવા તેમને અંદર દૂધ દોહવા દેવાની પરમીશન આપવામાં આવે.

આથી અમારી માંગણી છે કે, હાલ ડબ્બાની અંદર જેટલી ગૌમાતા છે તેમને પુરતી મેડીકલ સહાય મળે. ડોકટરો દરેક ગાય માતાની ઉંપર દેખરેખ રાખે. ગાય પકડવામાં માનવતા દાખવે, પશુ ક્રુરતા ન થવી જોઇએ. બિમાર, અશકત, નાના વાછરડુંને અન્યોથી અલગ રાખવામાં આવે.

ગર્ભવતી ગૌમાતાની ઉંપર પુરતી દેખરેખ રાખવામાં આવે. ગાયને બે વખત ઘાસ નાખવામાં આવે. ઘાસથી કવોલીટી સુધારવામાં આવે. ગાય માતા મૃત્યુનું કારણ જાણવામાં આવે અને જવાબદાર અધિકારી ઉંપર પગલા લેવામાં આવે. જયાં સુધી અંદરની વ્યવસ્થા ન સુધરે ત્યાં સુધી ગાય માતાને પકડવાનું બંધ કરી વ્યવસ્થા ઉંપર ધ્યાન દેવામાં આવે. આ અમારી માંગણીઓ જલ્દીથી સ્વીકારવા વિનંતી છે, નહીતર ગૌરક્ષકો, ગૌપ્રેમી, જીવદયા પ્રેમીઓ મોટું જનઆંદોલન કરવું પડશે. તેવી ચિમકી આવેદનનાં અંતે ઉંચ્ચારી છે.(૧૧)

**ઉર્જા ભરતી કૌભાંડમાં ધાનેરાનો ભાજપ યુવા મોરચાના મહામંત્રી અવધેશ પટેલનું નામ ખુલતા ખળભળાટ**

**જામજોધપુર યાર્ડમાં આવતીકાલથી મગફળીની આવક બંધ: માવઠાનો ડર હોવાથી નિર્ણય લેવાયો**

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નિવાસ સ્થાને બેઠક: મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટે. ચેરમેન પુષ્કર પટેલ, શેહર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી અને મ્યુ.કમિશનર અમિત અરોરા ગાંધીનગર રવાના: વિકાસના કામોની થશે ચર્ચા**

### રાજકોટમાં શિક્ષકો અને બાળકો સંક્રમિત થતા

# ધો.૧ થી ૯ની સ્કૂલોમાં ઓનલાઇન શિક્ષણ આપો





(તસવીરઃ દિલીપ ગોહેલ)

## શહેર એનએસયુઆઇ દ્વારા જિલ્લા શિક્ષણાધીકારીને રજૂઆત કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

રાજકોટ શહેર એનએસયુઆઇ દ્વારા આજે જીલ્લા શિક્ષાધીકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસોમાં સતત વધારો થતો જાય છે. વિદ્યાનોના મતાનુસાર સમગ્ર ભારતમાં કોરોનાની ત્રીજી લહેરની શરૂઆત થઇ ચૂકી છે અને આ ત્રીજી શહેરમાં નાના બાળકોને વધારે અસર થવાનું માને છે. ગુજરાતમાં ઘણી બધી સ્કુલમાં કોરોનાના કેસ ધરાવતા વિધાર્થીઓ આવ્યા છે. રાજકોટમાં સ્કૂલોના શિક્ષકો અને બાળકો પણ કોરોના સંક્રમિત થતા જાય છે, આ ખૂબ જ ગંભીર બાબત માનવામાં આવે છે. એમાં પણ હજી સુધી બાળકોને વેક્સિનનો એક પણ ડોઝ આપવામાં આવ્યો નથી, જે ખૂબજ ચિંતાનો વિષય છે. ભારતના વિવિધ રાજ્યોમાં અને શહેરોમાં વધતા કેસોને ધ્યાનમાં લઇ શાળા-કોલેજો બંધ કરવામાં આવી છે, તો અમારી માગણી છે કે તાત્કાલિક ધોરણે ૧ થી ૯ તેમજ ૧૧ માં ધોરણની તમામ સ્કૂલો બંધ કરી ઓનલાઇન શિક્ષણ આપવામાં આવે.

આ કાર્યક્રમમાં શહેર પ્રમુખ નરેન્દ્ર સોલંકી, ભવિષ્ય પટેલ, અમન ગોહેલ, અંકિત સોંદરવા, ધવલ રાઠોડ, શિવ જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, કર્મદિપસિંહ જાડેજા, રોહિત રાઠોડ, રાજ વરણ, અમન ગોહિલ, મિલન વિસપરા, બ્રિજરાજસિંહ જાડેજા, ભાર્ગવ આહિર, જયદિપ ડાંગર, બ્રિજરાજસિંહ જાડેજા, ક્રિસ પટેલ, રિતુલ આંકોલા, આર્યન કનેરીયા, રાજવીરસિંહ જાડેજા, રવિરાજસિંહ જાડેજા , કેવલ પાંભર, કવિશ રૂપારેલીયા, વત્સલ રાજગોર, રવિરાજસિંહ ઝાલા, જયરાજસિંહ રાણા, આર્યનસિંહ જાડેજા , પિયુષ પટેલ, મીત માંડવીયા, દિવ્યરાજસિંહ વાળા, ઓમ કકકડ, ભગીરથસિંહ જાડેજા જોડાયા હતા.(૧.૧૧)

# રાજકોટ સિવિલમાં કોરોના રીપોર્ટ કરાવવામાં લોકોને પગે પાણી, આંખે અંધારા..!!

### સિવિલ હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફ્લોર પર એક જ સ્થળે કોરોના ટેસ્ટીંગનાં રીપોર્ટની વ્યવસ્થા ગોઠવવા શહેરીજનોમાં જોરદાર માંગણી, સિવિલ તંત્ર અવાજ સાંભળશે?



### કોરોનાનાં દર્દીઓને એક બિલ્ડીંગમાંથી બીજા બિલ્ડીંગમાં ધક્કા ખવડાવતું સિવિલ તંત્રઃ લોકોમાં રોષભેર ભારે દેકારો, એક જ બિલ્ડીંગમાં રીપોર્ટ કેમ કરાતા નથી?ઃ માંદા અને ચાલી ન શકતા સિનિયર સિટીઝનને અકલ્પનીય હેરાનગતિ અને હાડમારી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

છેલ્લા બે સપ્તાહથી રાજકોટ શહેર જિલ્લા અને સૌરાષ્ટ્રમાં કોરોના મહામારીએ ઉછાળો માર્યો છે અને રોજેરોજ ડઝનબંધ નવા કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે સ્વાભાવિકપણે લોકો સામાન્ય લક્ષણો દેખાઈ ત્યારે કોરોના રીપોર્ટ કરાવવા માટે સિવિલ હોસ્પિટલ તરફ ધસારો કરી રહ્યા છે. પરંતુ સિવિલ હોસ્પિટલ તંત્રનાં રાબેતા મુજબમાં અણઘણ વહીવટ, બુધ્ધિનું પ્રદર્શન કરતી વ્યવસ્થા અને બેદરકારીને પાપે કોરોના રીપોર્ટ કરાવવા આવનારા શહેરજનોને પગે પાણી ઉતરી રહ્યું છે અને આંખે અંધારા આવી જાય છે.

સેંકડો નાગરિકોએ એવી ગંભીર ફરિયાદ કરી છે કે, કોરોના ટેસ્ટીંગ અને રીપોર્ટ માટે અલગ-અલગ બિલ્ડીંગમાં ધક્કા ખવડાવવામાં આવે છે. એક બિલ્ડીંગમાંથી બીજી બિલ્ડીંગમાં ધકેલીને લોકોને શું કામ હેરાનગતિમાં મુકવામાં આવી રહ્યા છે. એ કોઈને સમજાતું નથી અને તંત્રને જવાબ આપવાની ફુરસત નથી. ખૂબ જ સામાન્ય સમજ અને બુધ્ધિની વાત છે કે ટેસ્ટીંગ અને રીપોર્ટની વ્યવસ્થા એક જ બિલ્ડીંગમાં હોવી જોઈએ. અહીં આવનારા સિનિયર સિટીઝન જે ચાલી પણ શકતા ન હોય એ દાદરા ચડીને બિલ્ડીંગનાં બીજા, ત્રીજા કે ચોથા માળે કઈ રીતે જઈ શકે. એવા સવાલ શહેરીજનોમાં પુછાઈ રહ્યા છે અને બે અલગ-અલગ સ્થળે વ્યવસ્થા રાખવા પાછળ કોઈ તર્ક નથી. એક બિલ્ડીંગમાં બધી વ્યવસ્થા કરવામાં તંત્રને વાંધો શું છે? આ કારણ સેંકડો લોકો રોજેરોજ ગજબનાક હાડમારી સહન કરી રહ્યા છે અને બે અલગ-અલગ બિલ્ડીંગમાં પણ ગ્રાઉન્ડ ફ્લોર કે પહેલા માળે વ્યવસ્થા રખાતી નથી પણ બીજા, ત્રીજા કે ચોથા માળ સુધી ચડીને ટેસ્ટીંગ અને રીપોર્ટ માટે લોકોને જવું પડે છે અને પરસેવો પાડવો પડે છે. સિવિલ હોસ્પિટલનાં વહીવટી વિભાગને આંખ બંધ કરીને કચેરીમાં બિરાજવાની ટેવ પડી ગઈ છે અને આ બિમારી દૂર કરવાની આરોગ્ય ખાતાને પણ ફુરસત મળતી નથી. આલીશાન ચેમ્બરમાં બેસતા સિવિલ સર્જન, આરએમઓ અને અન્ય વહીવટી અધિકારીઓને લોકોની હાડમારીની ખ્યાલ જ નથી અને હોય તો સુચારૂ વ્યવસ્થા કરવાનું કોઈને સુજતુ નથી. એવો રોષ અહીં આવનારા દર્દીઓ વ્યક્ત કરી રહ્યા છે. અત્યારે કોરોના મહામારીએ ઉછાળો માર્યો છે. શહેરમાં ચારેતરફ નવા-નવા કેસો નોંધાઈ રહ્યા છે. એવા સમયે ટ્રેસિંગ અને ટેસ્ટીંગની પ્રક્રિયા ઝડપી

(અનુ.પાના નં.૪ ઉપર)

# અમરેલી જિલ્લામાં ભૂકંપનાં બે આંચકા

### ૨.૨ તિવ્રતાઃ ધારી, લીલીયા, ખાંભા, સાવરકુંડલા પંથકમાં અસર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

કચ્છની જેમ હવે છેલ્લા એકાદ મહિનાથી અમરેલી જિલ્લામાં પણ ભૂકંપનાં હળવા આંચકા આવવા સાથે ભૂગર્ભ સળવળાટ ચાલુ થઇ જતા લોકોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

અમરેલી જિલ્લામાં ગત મધરાત્રે ૨:૩૦ વાગ્યે ૨.૨ તિવ્રતાનો હળવો આંચકો નોંધાયો હતો. જેનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૪૦ કિ.મી. દૂર સાઉથ-વેસ્ટ હતું. એ જ રીતે ગઈકાલે સાંજે ૭:૦૧ વાગ્યે પણ ૨.૧ તિવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જેનું એપી સેન્ટર ઊનાથી ૪૨ કિ.મી. નોર્થ-ઇસ્ટમાં નોંધાયું હતું. જે બંને કેન્દ્રબિંદુ ધારી, લીલીયા, ખાંભા અને સાવરકુંડલા વચ્ચે જ રહ્યા છે. ગતરાત્રે અને સાંજે હળવા આંચકાની મહત્તમ અસર ઈંગોરાળા, બંકીયા, લાખાપાદર, ઉમરીયા, સતીયાળા, જીરા, હીરવા વગેરે ગામોમાં અનુભવાઈ હતી. જો કે, કોઈ નુકશાની બહાર આવી નથી.(૧.૧૨)

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં રાહત



### ગિરનાર ૧૦.૫ ડિગ્રીઃ નલીયા ૧૫.૫, રાજકોટ ૧૭.૮ અમરેલીમાં ૧૬.૨ ડિગ્રી

# ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડની તપાસનો આદેશ

### વિદ્યાર્થી નેતા યુવરાજસિંહનાં આક્ષેપો બાદ તુરંત જ રાજ્ય સરકાર હરકતમાંઃ ગંભીર આક્ષેપો અને તપાસ છતાં ઉર્જામંત્રી કહે છે, મને કશી ખબર નથીઃ રાજ્યનાં ઉર્જા વિભાગમાં અગ્ર સચિવ મમતા વર્મા તપાસ કરશે



### ખાસ તપાસ કમિટી રચવા રાજ્ય સરકારનો આદેશઃ સમગ્ર ભરતી પ્રક્રિયામાં ભ્રષ્ટાચારનો યુવા નેતાનો આક્ષેપઃ પેપર પણ બીજા કોઈ લખતા હતા, રૂ.૨૧-૨૧ લાખ પેપર દીઠ લેવાયા હોવાનો ગંભીર આક્ષેપઃ અનેક શખ્સોની ટોળકી સંડોવાયાનો યુવા નેતાઓનો ધડાકો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૪

ઉર્જા વિભાગનાં ભરતી કૌભાડ અંગે રાજ્ય સરકારે તાકીદે તપાસનો આદેશ છોડ્યો છે. ઉર્જા વિભાગમાં મોટાપાયે ભરતીમાં ભ્રષ્ટાચાર થયાનો વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા આક્ષેપ કરી કૌભાંડની સિલસિલા બંધ વિગતો અને સંડોવાયેલા શખ્સોનાં નામ જાહેર કરતા રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ છે. રાજ્ય સરકારે ઉર્જા વિભાગનાં અગ્ર સચિવ મમતા વર્માને તપાસ સોંપી છે. ખાસ તપાસ કમિટી રચવાનો પણ રાજ્ય સરકારે આદેશ આપ્યો છે.

ઉર્જા વિભાગમાં ભરતી પ્રક્રિયામાં મોટાપાયે ગેરરીતિઓનાં આક્ષેપો થયા છતાં રાજ્યનાં ઉર્જામંત્રી કનુ દેસાઈએ પત્રકારો સમક્ષ એવું જણાવ્યું હતું કે, મને કશી ખબર નથી. અમારા પ્રવકતા આપના સવાલોનો જવાબ આપશે. એવું કહીંને ઉર્જા મંત્રી પત્રકારોને જવાબ આપવાને બદલે ચાલ્યા ગયા હતા.

વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ આજે પત્રકારો સમક્ષ ઉર્જા વિભાગની ભરતી પ્રક્રિયા અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. યુવરાજસિંઘે એવો આક્ષેપ કર્યો હતો કે, પીજીવીસીએલ, ડીજીવીસીએલ અને યુજીવીસીએલમાં ભરતી પ્રક્રિયામાં જબરો ધસારો થયો છે અને મોટાપાયે કૌભાંડ થયો છે. ભરતી પ્રક્રિયામાં રૂ.૨૧-૨૧ લાખની કિંમતે એક-એક પેપર વેચાયું છે. વડોદરાની કચેરી પણ સંડોવાઈ હોવાનો યુવરાજસિંહ ગંભીર આક્ષેપ કર્યો હતો. ભણતા લોકો જ પેપર ભરતા હતા અને મોટાપાયે અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા વગેરે વિસ્તારોમાં કૌભાંડ થયું છે. તેવો ધડાકો યુવા નેતાએ કર્યો હતો. તેમણે એવી પણ ટકોર કરી હતી કે, વિદ્યાર્થીઓનાં હિત ખાતર અમે ગેરરીતિઓ ખુલ્લી કરી રહ્યા છીએ.

યુવરાજનાં સનસનાટી ભર્યા ધડાકાને પગલે ગણતરીનાં કલાકોમાં રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ હતી અને તપાસનો આદેશ આપ્યો હતો. ખાસ તપાસ કમિટીની તપાસ થશે અને ઉર્જા વિભાગનાં અગ્ર સચિવ મમતા વર્મા તપાસ કરશે. તેવું રાજ્ય સરકારનાં ઉચ્ચકક્ષાનાં સુત્રોએ જાહેર કર્યું હતું. આ રીતે એક વધુ મોટું કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી ગયો છે અને રાજ્ય સરકાર પણ ઉપરતળે થઇ ગઈ છે. અરવલ્લી પોલીસે પણ તપાસ શરૂ કરી દીધી છે.


દરમ્યાન યુવરાજનાં આક્ષેપો અને રાજ્ય સરકારનાં તપાસનાં આદેશો છતાં

(અનુ.પાના નં.૪ ઉપર)

### સ્માર્ટ સિટીઝ મિશન દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે

# ફ્રીડમ ૨ વોક અને ફ્રીડમ ૨ સાયકલ ચેલેન્જનું આયોજન

### જે શહેરના સૌથી વધુ નાગરિકો ભાગ લેશે અને ભાગ લેનાર નાગરિકો દ્વારા સૌથી વધુ ડિસ્ટન્સ રેકોર્ડ કરશે તે શહેરને સન્માનિત કરાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

કેન્દ્રના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ હેઠળના સ્માર્ટ સિટીઝ મિશન દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તા. ૧-૧ થી તા.૨૬-૧ સુધીના સમયગાળા દરમ્યાન ફ્રીડમ ૨ વોક અને ફ્રીડમ ૨ સાયકલ ચેલેન્જનું આયોજન કરવામાં આવેલ છે. આ ચેલેન્જમાં રાજકોટ સહીત સમગ્ર દેશના ૭૫થી વધુ સ્માર્ટ સિટી ભાગ લઇ રહ્યા છે, તેમ માન. મેયર

(અનુ.પાના નં.૪ ઉપર)

**વોકિંગ ચેલેન્જમાં ભાગ લેવા માટેની લિંક**
https://www.allforsport.in/challenges/challenge/50e21374-5f2a-11ec-9eaf-8b4ae20ce2d7

**સાયકલિંગ ચેલેન્જમાં ભાગ લેવા માટેની લિંક**
https://www.allforsport.in/challenges/challenge/59ed606c-5f2b-11ec-a227-0ba2cd7c9d96






### આ ચેલેન્જમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા (સ્ટેપ્સ):

સ્ટેપ એઃ ઉપર જણાવેલ સાયકલિંગ ચેલેન્જ અથવા વોકિંગ ચેલેન્જની લિંક પર કલીક કરીને પોતાનું વ્યક્તિગત રજીસ્ટ્રેશન કરવું.

સ્ટેપ બીઃ રજીસ્ટર કરતા જ ફ્રીડમ ૨સાયકલ કેમ્પેઇન રાજકોટ અથવા ફ્રીડમ ૨ વોક કેમ્પેઇન રાજકોટનું પેજ ખુલશે. તે પેજ ઉપર શહેરના કેમ્પેઇનમાં જોઈન ચેલેન્જ પર કલીક કરીને જોડાવું.

સ્ટેપ સીઃ ચેલેન્જમાં જોડાયા બાદ, strava અથવા google fit જેવી, એપ્લિકેશન થકી ડિવાઇસને કનેક્ટ કરવું.

સ્ટેપ ડીઃ રોજની સાયકલિંગ અથવા વોકિંગને લગત એકટીવીટીને strava અથવા google fit જેવી, એપ્લિકેશન પર રેકોર્ડ કરવી. (૦૧ જાન્યુઆરી થી ૨૬ જાન્યુઆરી સુધી)

### તાજેતરમાં રાજકોટની મુલાકાતે આવેલા પ્રદેશ પ્રમુખ દ્વારા અપાયા મહત્વનાં સંકેતો

# ગુજરાત કોંગ્રેસનાં સંગઠનને મજબુત કરવા તડામાર તૈયારીઓ

### તમામ જિલ્લાઓનાં સંગઠનમાં ફેરફારોની શક્યતા, પણ સારી કામગીરીનાં આધારે ફેરફારો કરવાનો વ્યૂહ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

વિધાનસભાની ચૂંટણીઓ હવે વધુને વધુ નજીક આવી રહી છે. ત્યારે ગુજરાત કોંગ્રેસનાં સંગઠનને પાયાથી વધુ મજબુત, સંકલિત અને સુદ્રઢ બનાવવા માટે પક્ષનાં પ્રદેશ મોવડીઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટ સહિત તમામ જિલ્લાઓનાં સંગઠનને વધુ સશક્ત બનાવવા જરૂરિયાત હોય એ પ્રકારનાં ફેરફારો કરવાનું નક્કી કરાયું છે. ચૂંટણીઓમાં કોંગ્રેસની છબી પ્રજા સમક્ષ વધુ ઉજળી બને અને સશક્ત યુનિટ તરીકે બહાર આવી સંપૂર્ણ એકતા સાથે ચૂંટણીઓમાં હરીફ પક્ષનો મુકાબલો કરે એવી જોરદાર રણનીતિ કોંગ્રેસનાં આગેવાનો તૈયાર કરી રહ્યા છે.

તાજેતરમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે રાજકોટની મુલાકાત લીધી હતી. શહેર અને જિલ્લાનાં નેતાઓ સાથે મહત્વની ગુફતેગો થઇ હતી. જેમાં પ્રદેશ પ્રમુખે આપેલા સંકેતોને પગલે પક્ષનાં નવો પ્રાણ સંચાર થયો હતો. કોંગ્રેસનાં પ્રદેશ પ્રમુખ અને વિપક્ષનાં નેતા બંને આગેવાનો રાજકીય રીતે ખૂબ જ ચાણક્ય, દ્રષ્ટિ અને સંગઠન વ્યૂહમાં કાબેલીયત ધરાવનારા નેતાઓ ગણાય છે. જેનો સંકેત બંને નેતાઓએ એમના હોદ્દા સંભાળી લીધા પછી આપી દીધો છે. બંનેનાં આગમન બાદ કોંગ્રેસ એકદમ સક્રિય બની ગઈ હોય તેમ લાગે છે અને એક પછી એક પાયાનાં લોકપ્રશ્નોને લઈને જોરદાર લડત ચલાવવાનો અભિગમ દર્શાવ્યો છે. આ મોમેન્ટમ જળવાઈ રહે તો વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ સશક્ત ફાઈટીંગ યુનિટ તરીકે સજ્જ થઇ શકે છે. એવી કોંગ્રેસનાં પ્રદેશ નેતાઓની વ્યૂહરચના છે.

કોંગ્રેસને નવા રૂપરંગ આપી પરિવર્તનનું વિચારવામાં આવી રહ્યું છે. એ સાચું પણ કોંગ્રેસનાં સુત્રોનું માનીએ તો કોઈપણ સંગઠનને એક ઝાટકે વેતરી નાખવાની અને ટોચથી તળીએ સુધી માથા બદલી નાખવાની નીતિરીતી અપનાવવામાં નહીં આવે. બલ્કે કામગીરી એટલે કે પરફોર્મન્સ આધારિત માપદંડ અમલમાં મુકવામાં આવશે. જે સંગઠનમાં જે-તે હોદ્દેદારોની કામગીરી સારી રહી હશે. એમને વધુ તક આપવામાં આવશે એ નક્કી મનાઈ છે. જ્યાં કામગીરી નબળી દેખાઈ અને સંગઠનમાં ચેતના ન હોય ત્યાં જરૂર મુજબ ફેરફારો કરવામાં આવશે અને એ સંગઠનનું સુકાન સક્ષમ હાથોમાં સોંપવામાં આવશે. એ માટેની ચર્ચા-વિચારણા અને કવાયતનો રાજકોટથી પ્રારંભ થઇ ચુક્યો છે. પ્રદેશ કોંગ્રેસનાં મોવડીઓ દ્વારા આંતરિક રીતે દરેક જિલ્લાની કામગીરી અને જે-તે જિલ્લા સંગઠન કેટલું સક્રિય છે અને તેના હોદ્દેદારો કેટલા સક્ષમ છે. એ વિશેની તમામ વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. આ રીતે પક્ષનાં દરેક જિલ્લા સંગઠનની કામગીરીની તુલાન્તમક સમીક્ષા કરવામાં આવી રહી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.